RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 170* Date: 18.04.2021 Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### ૧ લાખ ૬૧ હજાર ૪૨૨ એટલે કે ૬૯.૦૫% નવા દર્દીઓ માત્ર ૭ રાજ્યમાં જ વધ્યા

# કોરોનાનો કહેર, નવા ૨.૩૩ લાખ કેસ, ૧૩૪૦નાં મોત

**દેશમાં ૧૫ રાજ્યો તેમજ કેન્દ્ર શાસિત પ્રદેશોમાં હાલ નાઇટ કર્ફ્યૂ અથવા વીકેન્ડ કર્ફ્યૂ લગાવવામાં આવ્યો છે. અલગ અલગ પ્રકારના પ્રતિબંધને પગલે દેશની અડધી (૫૭%) વસ્તી હાલ ઘરોમાં કેદ છે.**

*ન્યુ દિલ્હી,તા.૧૭*

દેશમાં કોરોનાથી પરિસ્થિતિ ખૂબ જ ખરાબ થઈ ચૂકી છે. કોરોનાવાયરસે આખા દેશને ઝપેટમાં લઈ લીધો છે. દરેક રાજ્યમાં, દરેક શહેરમાં પહેલાં કરતાં વધુ લોકો સંક્રમણની ઝપેટમાં આવી રહ્યા છે. પ્રથમ વખત એવું બન્યું જ્યારે એક દિવસમાં રેકોર્ડ ૨ લાખ ૩૩ હજાર ૭૫૭ લોકો પોઝિટિવ સામે આવ્યા. આ દરમિયાન ૧ લાખ ૨૨ હજાર ૮૩૯ દર્દી પણ રિકવર થયા હતા. દેશભરમાં અત્યારસુધીમાં ૧.૪૫ કરોડ લોકોને સંક્રમણ લાગ્યું છે. આ આંકડો આજે સાંજ સુધીમાં દોઢ કરોડને પાર થઈ જશે.

સંક્રમણને કારણે ૨૪ કલાકની અંદર ૧,૩૩૮ દર્દીનાં મૃત્યુ થયાં હતાં. આ મૃત્યુઆંક સત્તાવાર છે. સ્મશાનઘાટ અને કબ્રસ્તાનોમાં પહોંચતા મૃતદેહો આ કરતાં ઘણા વધારે છે. ત્યાંથી જે તસવીરો સામે આવી રહી છે એ ખરેખર ભયાનક છે. તમે સ્મશાનઘાટ અને કબ્રસ્તાનમાં લાગેલી લાંબી કતારો દ્વારા આનો અંદાજ લગાવી શકો છો.

૧ લાખ ૬૧ હજાર ૪૨૨ એટલે કે ૬૯.૦૫% નવા દર્દીઓ માત્ર ૭ રાજ્યમાં જ વધ્યા છે. આમાં સૌથી વધુ મહારાષ્ટ્રમાં, ૬૩,૭૨૯,, ઉત્તરપ્રદેશમાં ૨૭,૩૬૦, દેશની રાજધાની દિલ્હીમાં ૧૯,૪૮૬, કર્ણાટકમાં ૧૪,૮૫૯, છત્તીસગઢમાં ૧૪,૯૧૨, મધ્યપ્રદેશમાં ૧૧,૦૪૫ અને કેરળમાં ૧૦,૦૩૧ લોકોને સંક્રમણ લાગ્યું છે. આ રાજ્યોમાં જ સૌથી વધુ ૯૩૯ એટલે કે ૭૦.૧૭% જેટલાં મૃત્યુ નોંધાયાં છે.

દેશમાં આ બીમારીએ કેટલો ભરડો લીધો છે તેનો અંદાજ એ વાત પરથી જ લગાવી શકાય છે કે સ્મશાન ઘાટો પર મૃતદેહોના અંતિમ સંસ્કાર માટે લાંબી લાઇનો લાગી છે. મોતના આંકડાની સાથે સાથે દેશમાં કોરોનાના નવા કેસ પણ રોકેટ ગતિએ વધી રહ્યા છે.

આજે કોરોના સંક્રમિત નવા કેસની સંખ્યાઓ ફરી રેકોર્ડ તોડ્યો છે. સ્વાસ્થ્ય વિભાગ તરફથી જાહેર કરવામાં આવેલા આંકડા પ્રમાણે દેશમાં ૨,૩૪,૮૯૨ નવા કેસ નોંધાયા છે. કોરોનાને પગલે દેશના મોટાભાગના હિસ્સાઓમાં કડક નિયમો લગાવવામાં આવ્યા છે. દેશમાં ૧૫ રાજ્યો તેમજ કેન્દ્ર શાસિત પ્રદેશોમાં હાલ નાઈટ કર્ફ્યૂ અથવા વીકેન્ડ કર્ફ્યૂ લગાવવામાં આવ્યો છે. અલગ અલગ પ્રકારના પ્રતિબંધને પગલે દેશની અડધી (૫૭%) વસ્તી હાલ ઘરોમાં કેદ છે.

આજ પહેલા ભારતમાં છેલ્લે સૌથી વધારે મોત સપ્ટેમ્બરમાં નોંધાયા હતા, જે આંકડો ૧,૨૮૪ હતો. એક વિશ્લેષણ પ્રમાણે આગામી બે દિવસમાં દેશભરમાં ૭૦૦ મિલિયનથી વધારે લોકો સીમિત સમય માટે કર્ફ્યૂનો સામનો કરશે. હકીકતમાં ભારતમાં કોવિડ-૧૯ને પગલે જે પ્રકારની પરિસ્થિતિ ઊભી થઈ છે તેનાથી આવા પ્રતિબંધો જરૂરી બની ગયા છે.



ઉલ્લેખનીય છે કે ૧૬ એપ્રિલ સુધી દરરોજ કોરોનાના ૧૮૮,૪૦૦ નવા કેસ નોંધાયા હતા. કોરોનાની પહેલી લહેર દરમિયાન પીક સમય દરમિયાન આટલા કેસ સામે આવ્યા ન હતા. ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૦ના જ્યારે કોરોના પીક પર હતો ત્યારે ભારતમાં ૯૩,૬૧૭ નવા કેસ નોંધાયા હતા. એ રીતે જોઈએ તો ગત વર્ષની સરખામણીમાં આ વર્ષે એટલે કે બીજી લહેરમાં કોરોનાને કેસ બે ગણા થઈ ગયા છે.

## એઇમ્સમાં તમામ બેડ ફુલ; ડોકટર કહે છે- આગામી ૧૫ દિવસ વધુ મુશ્કેલીભર્યા

ન્યુ દિલ્હી,તા.૧૭

કોરોનાની બીજી લહેરે આખા દેશમાં હાહાકાર મચાવી દીધો છે. દિલ્હીમાં પણ હોસ્પિટલમાં બેડની અછત છે અને લોકો કોરોનાની દવા મેળવવા માટે આમતેમ ભટકી રહ્યા છે. ભાસ્કરની ટીમે દેશની સૌથી મોટી હોસ્પિટલ દિલ્હી એઈમ્સ પહોંચી અને ત્યાંની સ્થિતિની સમીક્ષા કરી. સફદરજંગ હોસ્પિટલના ઈમર્જન્સી સામે પહોંચતાં જ એક એમ્બ્યુલન્સ જોવા મળી, જેમાં સૂતેલા દર્દીની સ્થિતિ ગંભીર હતી. રડી-રડીને પરિવારના લોકોની હાલત ખરાબ હતી. તેમણે જણાવ્યું હતું કે 'અમે દર્દીને દાખલ કરાવવા માગીએ છીએ, પરંતુ દાખલ કરવામાં નથી આવતા, ઊલટાનું સિક્યોરિટી ગાર્ડે અમારી સાથે મારામારી કરી.' દર્દીની સાથે આવેલા લોકોએ ઈજાનાં નિશાન પણ બતાવ્યાં. અંતે મીડિયાના હસ્તક્ષેપ પછી દર્દીને કોઈ રીતે દાખલ કરવામાં આવ્યો છે. આ માત્ર એક જ કેસ છે, જેમાં દર્દીને જેમતેમ કરીને બેડ મળી ગયો, પરંતુ એમ્બ્યુલન્સ કે ખાનગી વાહનોમાં દર્દીઓ સતત આવી રહ્યા હતા અને તેમને પાછા વાળવામાં આવતા હતા. દર્દીના પરિવારના લોકો સાથે મારપીટના આરોપ અંગે અમે ત્યાં તહેનાત સિક્યોરિટી ગાર્ડ્સને પૂછ્યું, ત્યારે તેમણે નામ ન છાપવાની શરતે જણાવ્યું કે 'સફદરજંગ હોસ્પિટલના ઈમર્જન્સી વોર્ડનાં તમામ બેડ ફુલ થઈ ગયાં છે.

કોરોના વોર્ડ પણ ફુલ છે, પરંતુ દર્દીઓનો આવવાનો સિલસિલો યથાવત્ છે. બેડ નથી, દર્દીને રોકવા જતાં તેની સાથે આવેલા લોકો માથાકૂટ કરે છે. બાકી મારામારી જેવી કોઈ વાત જ નથી.' નજીક ઊભેલા વધુ એક સિક્યોરિટી ગાર્ડ કહે છે, જેટલો ડર આ વખતે લાગ્યો છે એટલો ડર ક્યારેય નથી લાગ્યો. હોસ્પિટલના સ્ટાફના જ કેટલાક લોકોની અંદરોઅંદરની વાતોથી અમને ખ્યાલ આવ્યો કે કેટલાક ડોકટરની પણ દર્દીના પરિવારના લોકો સાથે દલીલો થઈ છે. આ ઉપરાંત મહિલા વોર્ડમાં દાખલ ૧૭ પેશન્ટને કોવિડ પોઝિટિવ આવ્યા બાદ ડોકટર્સમાં પણ અફરાતફરી જોવા મળી છે.

## ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા:૯૫૪૧**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૩૯૪૨૨૯**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૯૭**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૩૭૮૩**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૩૩૩૬૬૪**

## ભારત હવે કોરોના વેક્સીન નિકાસમાંથી આયાત કરનારો દેશ બન્યો




ન્યુ દિલ્હી,તા.૧૭

કોરોના વાયરસની વેક્સીનને મંજૂરી મળ્યા બાદ ભારતે ઘણા દેશોને વેક્સીનના કરોડો ડોઝ ગિફ્ટમાં આપ્યા અને ઘણા દેશોને ઓછી કિંમતમાં વેચાણ કર્યું. સમગ્ર વિશ્વએ ત્યારે ભારતની પ્રશંસા કરી હતી. પરંતુ હવે દેશમાં કોવિડ-૧૯ના કેસો રોકેટ ગતિથી વધવાના કારણે પરિસ્થિતિ આખી વિપરીત થઈ ગઈ છે. ભારત હવે વેક્સિનની આયાત કરવાનું છે. હવે ભારત કોરોનાથી સૌથી ખરાબ રીતે અસરગ્રસ્ત દેશોમાં અમેરિકા બાદ બીજા ક્રમે આવી ગયું છે. ગુરૂવારે ભારતમાં પ્રથમ વખત એક જ દિવસમાં ૨ લાખથી વધુ કેસ નોંધાયા હતા.

લોકડાઉનના નિયમો હળવા બનાવ્યા બાદ કેસમાં મોટો ઉછાળો આવ્યો છે અને હોસ્પિટલો દર્દીઓથી ઊભરાઈ રહી છે ત્યારે વિદેશી વેક્સીનને ઝડપથી મંજૂરી આપવા માટે નિયમો બદલવામાં આવી રહ્યા છે. ભારત રશિયાની સ્પુતનિક-વી વેક્સિનને ઈમ્પોર્ટ કરશે. ભારતમાં ઊભી થયેલી આ પરિસ્થિતિના કારણે વિશ્વના ૬૦થી વધારે ગરીબ દેશોની કોરોના સામેની લડતને પણ અસર પડશે.

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનનું સમર્થન ધરાવતા કોવેક્સ પ્રોગ્રામ અને ગાવી વેક્સીન એલાયન્સ વિશ્વના ગરીબ અને ઓછી આવક ધરાવતા દેશોને વેક્સીન મળી રહે તેવા પ્રયાસો કરે છે. તેથી આ તમામનો આધાર એશિયાના સૌથી મોટા ફામર્સ્યુટિકલ પાવરહાઉસ ભારત પર રહેલો છે. પરંતુ આ મહિને અત્યાર સુધી ભારતે ફક્ત ૧.૨ મિલિયન ડોઝ જ એક્સપોર્ટ કયર્ા છે. જે જૂલાઈ અને માર્ચની વચ્ચે એક્સપોર્ટ કરેલા ૬૪ મિલિયન ડોઝની સરખામણીમાં ઘણા જ ઓછા છે, તેમ વિદેશ મંત્રાલયના ડેટા પરથી જાણવા મળે છે.

ભારતની વેક્સીન સ્ટ્રેટેજી અંગે જાણકારી રાખનારા એક અધિકારીએ જણાવ્યું હતું કે, ભારતમાં હાલમાં કટોકટી ભરેલી પરિસ્થિતિ છે તેવામાં ઉપલબ્ધ વેક્સીન શોટ્સને દેશમાં ઉપયોગમાં લેવામાં આવશે. અન્ય દેશોને કોઈ પ્રતિબદ્ધતા આપવામાં આવી નથી. કોવેક્સ યોજના અંતર્ગત કેટલાદ દેશોમાં વેક્સીનની તંગી ઊભી થઈ છે અને આફ્રિકામાં કોરોના વેક્સીનનું ધ્યાન રાખનારા યુએનના એક સ્વાસ્થ્ય અધિકારીએ જણાવ્યું હતું કે, એક જ ઉત્પાદક પર આધાર રાખવો મોટી ચિંતાનું કારણ છે.

સીરમ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયા વેક્સીન બનાવતી વિશ્વની સૌથી મોટી કંપ્રી છે. કંપ્રીને ઓછી અને મધ્યમ આવક ધરાવતા દેશોને કોરોના વેક્સીનના ૨ બિલિયન શોટ્સ મોકલવાના છે જેમાંથી અડધા ૨૦૨૧ના અંત સુધીમાં મોકલવાના છે. પરંતુ હાલમાં એસ્ટ્રાઝેનેકાના વૈશ્વિક ઉત્પાદનની મુશ્કેલીઓને લઈને બ્રિટન, કેનેડા અને સાઉદી અરબ જેવા દેશોની માંગને પહોંચી વળવા માટે દબાણમાં છે.

ભારતે શરૂઆતમાં પ્રતિ ડોઝની કિંમત નક્કી કરવામાં ઘણો સમય લગાવ્યો હતો અને ભારતના ડ્રગ રેગ્યુલેટર દ્વારા એસ્ટ્રાઝેનેકાની વેક્સીનને મંજૂરી આપ્યાના બે જ સપ્તાહમાં ઓર્ડર આપી દીધો હતો. એક સમયે સીરમ પાસે ઉત્પાદન કરવામાં આવેલા ડોઝ રાખવાની પણ જગ્યા ન હતા. જાન્યુઆરીમાં સીરમના ચીફ એક્ઝિક્યુટિવ અદર પૂનાવાલાએ જણાવ્યું હતું કે, તેથી જ હું ૫૦ મિલિયન ડોઝથી વધારે ઉત્પાદન કરવાનું પસંદ કરતો ન હતો, કારણ કે હું જાણતો હતો કે મેં તેનાથી વધારે ડોઝ પેક કયર્ હોત તો તેને મારા ઘરમાં રાખવા પડ્યા હોત. કોવેક્સ દ્વારા સીરમ પાસેથી ૧ બિલિયન કરતા વધારે ડોઝ ખરીદવાની ડીલ કરી છે. પરંતુ અત્યાર સુધી તેને ૧૦૦ મિલિયન ડોઝનો પાંચમો જથ્થો મળ્યો છે. સીરમ કોવેક્સ માટે નોવાવેક્સના પણ લાખો ડોઝ તૈયાર કરશે તેવું માનવામાં આવી રહ્યું છે.

## કોરોનાથી મોત મુદ્દે રાહુલ ગાંધીનું નિશાન, કહ્યું- સ્મશાન-કબ્રસ્તાનનું વચન પૂરું પાડ્યું

ન્યુ દિલ્હી,તા.૧૭

કોરોના દર્દીની સતત સંખ્યા વધી રહી છે. કોરોનાના કેસ પહેલાં કરતાં વધુ સામે આવી રહ્યા છે તો બીજીબાજુ આ બીમારીથી મરનારનો આંકડો પણ વધ્યો છે. તો કોરોનાને લઇ કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ સરકાર પર કટાક્ષ કર્યો છે. બંગાળ ચૂંટણી પ્રચાર દરમ્યાન પણ રાહુલ ગાંધીએ કોરોનાની તૈયારીઓને લઇ સરકાર પર પ્રશ્ન કર્યા હતા. રાહુલ ગાંધીએ શનિવાર ટ્વીટ કરતાં લખ્યું કે સ્મશાન અને કબ્રસ્તાન બંને જે કહ્યું તે કર્યું. થોડાંક દિવસ પહેલાં જ બંગાળ ચૂંટણી પ્રચાર દરમ્યાન રાહુલ ગાંધીએ એક ચૂંટણી સભાને સંબોધિત કરતાં પીએમ મોદીએ આકરાં પ્રહારો કર્યા.બંગાળની એક ચૂંટણી સભામાં રાહુલ ગાંધીએ કહ્યું કે પીએમ મોદીએ કોરોના કાળમાં પણ ગરીબ મજૂરોની મદદ કરી નહોતી જે પોતાના ઘરે પાછા ફરવા માંગતા હતા.

## 'દેશમાં મુખ્ય શહેરોમાં કોવિડના કારણે થતા મોતમાં અમદાવાદમાં મૃત્યુ દર સૌથી વધુ

ગાંધીનગર,તા.૧૭

કોરોના વાયરસ મહામારીના કારણે દેશમાં સ્થિતિ એક વાર ફરીથી બગડી રહી છે. કોરોના વાયરસના કેસો અને તેનાથી થતા મોતનો આંકડો પ્રતિદિન વધી રહ્યો છે. દેશના અલગ અલગ રાજ્યોમાં કોરોનાની ભયાનક તસવીર જોવા મળી રહી છે. ગુજરાતની વાત કરીએ તો ગુરુવારે કોરોના વાયરસથી મરનારની સંખ્યા ૫ હજારના આંકડાને પાર કરી ગઈ.

વળી, આના એક દિવસ પહેલા ગુજરાતનો અમદાવાદ દેશનો એક એવો જિલ્લો બની ગયો જ્યાં કોરોનાના કારણે ૨૫૦૦થી વધુ મોત થયા છે. ભારતના જે ૧૧ જિલ્લામાં અઢી હજારથી વધુ મોત થયા છે તેમાં અમદાવાદનો મૃત્યુદર સૌથી વધુ છે. આ ઉપરાંત અમદાવાદ સમગ્ર દેશમાં એકમાત્ર એવુ શહેર છે જ્યાં રાજ્યમાં થયેલ કુલ મોતના અડધાથી વધુ મોત થયા છે.

ગુજરાતમાં કોવિડના કારણે થયેલા ૫ હજાર મોતમાંથી ૫૦ ટકા મોત એકલા અમદાવાદમાં થયા છે. અમદાવાદ ઉપરાંત ચેન્નઈ એવુ શહેર છે જ્યાં રાજ્યમાં કોરોનાના કારણે થતા દર ત્રીજુ મોત થાય છે. જ્યારે મહારાષ્ટ્રમાં કોરોનાના કારણે થતુ દર ચોથુ મોત મુંબઈમાં થઈ રહ્યુ છે. ભારતમાં સૌથી વધુ મૃત્યુદરવાળો જિલ્લો અમદાવાદ છે ત્યારબાદ ક્રમશઃ મુંબઈ(૨.૨%), કોલકત્તા(૨.૧%), ઉત્તરી ૨૪ પરગના(૧.૯%), ચેન્નઈ(૧.૬%),દિલ્લી(૧.૫%) નો નંબર આવે છે.

ગુજરાતની ખાનગી હોસ્પિટલો કોરોનાથી ફૂલ થઈ ચૂકી છે. જો કે કોરોના મહામારીની શરૂઆતમાં રાજ્યમાં અત્યારની સરખામણીમાં વધુ મોત થઈ રહ્યા હતા. રોજ લગભગ ૩૯ મોત કોરોનાના કારણે ગુજરાતમાં થઈ રહ્યા હતા પરંતુ બાદમાં આ સંખ્યા ૧૨-૧૭ પ્રતિદિન પર આવી ગઈ. હાલમાં જાહેર થયેલ ત્રીજી લહેરમાં ગુજરાતમાં ૧૬ એપ્રિલને એક દિવસમાં સર્વાધિક મોત(૨૬) છે.

## હવા દ્વારા ફેલાય છે કોરોના વાયરસ, લાન્સેટના રિપોર્ટમાં ચોંકાવનારા દાવા

)ન્યુ દિલ્હી,તા.૧૭

ભારત સહિત વિશ્વના મોટા ભાગના દેશોમાં કોરોના મહામારીનો પ્રકોપ ફરીથી ફેલાઈ રહ્યો છે. સાથે જ આ વાયરસ પોતાનું સ્વરૂપ બદલી રહ્યો છે અને ભારતમાં આ સ્થિતિ ખૂબ જ ભયાનક બની ચુકી છે. આ બધા વચ્ચે પ્રસિદ્ધ જર્નલ ધ લાન્સેટે કરેલા દાવા પ્રમાણે મોટા ભાગનું ટ્રાન્સમિશન હવાના રસ્તે થઈ રહ્યું છે.

ઈંગ્લેન્ડ, અમેરિકા અને કેનેડાના ૬ નિષ્ણાંતોએ આ રિપોર્ટ તૈયાર કર્યો છે. તેમના કહેવા પ્રમાણે વાયરસ હવા દ્વારા નથી ફેલાતો તે સાબિત કરવા પૂરતા પુરાવા નથી. જો કે, મોટા ભાગના વૈજ્ઞાનિકો એવું જ માને છે. નિષ્ણાંતોએ નવા રિપોર્ટના આધાર પર કોવિડ-૧૯ સુરક્ષા પ્રોટોકોલમાં તાત્કાલિક ફેરફાર કરવા સૂચન કર્યું છે.

ધ લાન્સેટના રિપોર્ટમાં વાયરસ હવા દ્વારા ફેલાઈ રહ્યો હોવાના ૧૦ કારણો પણ રજૂ કરવામાં આવ્યા છે. અહેવાલ પ્રમાણે ક્વોરેન્ટાઈન હોટેલ્સમાં બાજુ બાજુના રૂમમાં રહેતા લોકો એકબીજાના રૂમમાં નહોતા ગયા તેમ છતા તેમનામાં આ ટ્રાન્સમિશન જોવા મળ્યું હતું. નિષ્ણાંતોના મતે આઉટડોરની તુલનાએ ઈનડોરમાં વાયરસનું ટ્રાન્સમિશન વધારે થાય છે. જો ઈનડોરમાં વેન્ટિલેશન હોય તો આ સંભાવના ઘટી જાય છે.

હોસ્પિટલોમાં જોવા મળતું નોસોકોમિયલ સંક્રમણ એવી જગ્યાએ પણ જોવા મળ્યું જ્યાં હેલ્થકેર પ્રોફેશનલ્સે પીપીઈ કીટનો ઉપયોગ કર્યો હતો. પીપીઈ કીટને કોન્ટેક અને ડ્રોપલેટથી સુરક્ષિત બનાવવામાં આવી હતી પરંતુ હવાના રસ્તાથી બચવા કોઈ પદ્ધતિ નથી.

જો નિષ્ણાંતોના આ નવા દાવાને સ્વીકારી લેવામાં આવે તો સમગ્ર વિશ્વની કોરોના વિરૂદ્ધની રણનીતિ પર ભારે અસર પડી શકે છે. તેનાથી લોકોએ પોતાના ઘરની અંદર પણ માસ્ક પહેરવું પડી શકે છે, કદાચ દરેક સમય માટે.

## તંત્રી સ્થાનેથી...

### વિકાસની દોડ અને ભૌતિક સુખો પાછળ દોડતુ વિશ્વ આજે ક્યા રસ્તે....?!

રોમ બળી રહ્યુ હતુ ત્યારે નિરો વાંસળી વગાડી રહ્યો હતો તેવી સ્થિતી દેશભરમાં બની રહી છે....!ભારતને કોરોના વાયરસે અજગરી ભરડો લીધો છે અને તેનો મૂળમાંથી ખાત્મો કરી શકાય તેવું એક પણ અમોઘ શસ્ત્ર કે રસી વિશ્વની એક પણ મહાસત્તા કે ભારત આજ સુધી શોધી શક્યા નથી....કે જ્યારે મહા સત્તાઓ કે વિકાસ ઝંખતા દેશો ચંદ્ર અને મંગળ અનુસંધાને સંશોધન કરવા પાછળ ખરોબો-ખરબો રૂપિયા ખર્ચ કરવામાં આવ્યો છે અને કરવામા આવી રહ્યો છે. તેમજ ટેકનિકલ ક્ષેત્રેમાં આધુનિકમાં આધુનિક સંશોધનો પાછળ પણ ખરબોનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. પરંતુ વિશ્વમાં ભવિષ્યમાં આવનાર વિવિધ સંકટો, રોગચાળો પેદા ન થાય કે પેદા થયા બાદ તેને નાથવા બાબતે કોઈપણ મહાસત્તા કે દેશ સંશોધન નથી કર્યુ.....!જોકે રોગ ત્રાટકે અને અર્થતંત્રોમાં પાયા હચમચાવે ત્યારે જ સંશોધન થાય છે.....મતલબ આગ લાગે ત્યારે કુવો ખોદવો...તેનું સર્વોત્તમ ઉદાહરણ છે વર્ષ ૨૦૨૦ માં વિશ્વભરમાં ત્રાટકેલ કોરોના વાયરસ અને ૨૦૨૧માં માનવ જાત અને વિશ્વભરના દેશોના અર્થતંત્રને અજગરી ભરડો લીધેલ વિવિધ રૂપે ત્રાટકેલ કોરોના....જેના વાયરે વિશ્વભરના દેશો અને માનવીઓને હચમચાવી નાખ્યા છે.....! વરસો પહેલા પ્લેગ, શીતળા, કોલેરા,ફ્લ્યૂ,ઝેરી મેલેરિયા,હીપેટાઈટીસ બી જેવા રોગો-મહામારીઓ વિશ્વના વિવિધ દેશોમાં ત્રાટક્યા હતા અને અનેક માનવ જિંદગીનો ભોગ લીધો હતો ત્યારે તે સમયમાં વિશ્વમા માનવતાની લહેર હતી અને તે કારણે રોગને કાબૂમાં લેવા તથા તેના પેદા થવાના મૂળ સુધી વિજ્ઞાન જગત સંશોધન કરીને જે તે રોગો ખતમ નાખ્યા હતા.... પરંતુ જ્યારથી અણુશસ્ત્રો સહિત આધુનિક ભૌતિક સુખો અને વિકાસ કાર્યોને વિશ્વભરની મહાસત્તાઓ તથા વિકાસ ઝંખતા દેશોએ મહત્વ આપવાનું શરૂ કર્યું ત્યારથી વિવિધ મહાસત્તાઓ આને વિકાસ ઈચ્છતા દેશો વચ્ચે સ્પર્ધાની દોડ શરૂ થઇ તે સાથે કુદરતી સંપત્તિનો વિનાશ પણ વધવા લાગ્યો જેના પરિણામો આજે સમગ્ર વિશ્વ ભોગવી રહ્યું છે કે અનુભવી રહ્યું છે....!!“ વિશ્વભરમાં વિકાસ કાર્યોના નામે કે આધુનિકતાને નામે કાર્બનનુ શોષણ કરી માનવજાતને ઓક્સિજન આપતા વૃક્ષોનું નિકંદન કાઢવામાં આવી રહ્યુ છે... એક અહેવાલ અનુસાર દર વર્ષે ૧૫ કરોડથી વધુ વૃક્ષોનું નિકંદન કાઢી નાખવામાં આવી રહ્યુ છે.....! તો વિશ્વના અનેક જંગલ વિસ્તારોનો સફાયો કરી નાખીને સિમેન્ટ કૉંક્રિટના જંગલ ઉભા કરી નાખવામાં આવ્યા છે.... કુદરતી કે કૃત્રિમ રીતે જંગલોમાં આગ લાગતા અનેક જંગલ વિસ્તારોનો સફાયો થઈ ગયો છે.પરિણામે વિવિધ જાતના પશુ-પક્ષીઓનું પણ નિકંદન નીકળી ગયું છે. આવા પક્ષીઓ પૈકી અનેક પક્ષીઓ જીવ જંતુ,જીવાણુઓ નું હનન કરતા કે રોગો ફેલાવતા કે પેદા કરતા પક્ષીઓ તેમનો ખોરાક હતા...જેનુ ઉદાહરણ છે ચામાચીડિયું.....બે-ત્રણ મહિના પહેલા વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશનની ટીમ કોરોના પેદા થવાનું કારણ શોધવા ચીનના વૂહાન ખાતે લેબોરેટરીની તપાસ કરવા ગયેલ ત્યારબાદ જાહેર કરેલ કે ચીનમાંથી કોરોના નથી ફેલાયો પરંતુ ચામાચીડીયાને કારણે ફેલાયો હોઈ શકે તેવુ કહીને ચીનને ક્લીન ચીટ આપી દીધી..... પરંતુ ચીનમા ચામાચીડીયા સહિતના વિવિધ પક્ષીઓના વેચાણનુ મોટું બજાર છે અને ચીની લોકો તેનો ખોરાકમાં ઉપયોગ કરે છે. એટલે સ્વાભાવિક છે કે કોરોના જંતુધારક ચામાચીડીયા દ્વારા માનવ શરીરમાં પ્રવેશી ગયો હોઈ શકે....! હવે પછીના સમયમાં વિશ્વના દેશોએ એ બાબતને પ્રાથમિકતા આપવી જરૂરી છે કે માનવજીવન માટે અનાજ, કઠોળ, શાકભાજી, વૃક્ષો અને દુધાળા પશુઓ અતિ જરૂરી છે કારણ કે આવી માનવીઓ માટેની જીવન જરૂરી ચીજ- વસ્તુઓ કોમ્પ્યુટર કે ફેક્ટરીમાં પેદા થવાની નથી... તેથી ખેતી ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા સાથે પ્રાધાન્ય આપે...નહી તો એક દિવસ રોગચાળા કરતાં ભુખમરો માનવજાતને ભરખી જશે... તે નિશ્ચિંત ......!!“ વંદે માતરમ્

# મોદીની અપીલ બાદ પણ તમામ અખાડા કુંભને સમાપ્ત કરવા તૈયાર નથી

ન્યુ દિલ્હી,તા.૧૭

કોરોનાના વધતા સંક્રમણને જોતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મહામંડલેશ્વર સ્વામી અવધેશાનંદ ગિરિ સાથે વાત કરતાં કુંભમાં મેળાવડાને સમાપ્ત કરવા અને એને ફક્ત પ્રતીકાત્મક રીતે મર્યાદિત રાખવા અપીલ કરી હતી. નિરંજની અને આનંદ અખાડાએ પોતાના વતી કુંભ સમાપ્ત કરવાની જાહેરાત કરી છે. જોકે કેટલાક અખાડા સમયથી પહેલાં મેળાની સમાપ્તિની વાતથી નારાજ છે. તેમનું કહેવું છે કે મેળો નિયત સમય સુધી જ ચાલશે.

આ સાધુ-સંતોને મનાવવા માટે ઉત્તરાખંડ સરકાર છેલ્લા બે દિવસથી ગુપ્ત બેઠકો કરી રહી છે. વડાપ્રધાનની અપીલ પણ એક પ્રયાસ તરીકે જોવામાં આવી રહી છે, પરંતુ હમણાં તમામ અખાડાઓમાં સંમતિ બનતી હોવાનું જણાતું નથી. સૌથી શક્તિશાળી ગણાતા જૂના અખાડાને સ્પષ્ટ કરી દીધું છે કે તે સમય પહેલાં કુંભમેળો સમાપ્ત કરવામાં આવશે નહીં અને ૨૭ એપ્રિલે શાહી સ્નાનમાં અખાડાના તમામ સાધુ ભાગ લેશે.

જોકે કોરોનાવિસ્ફોટથી પરેશાન કેન્દ્ર સરકાર કુંભમેળો જલદીમાં જલદી સમાપ્ત કરવા ઈચ્છે છે, પરંતુ તે એ નથી ઈચ્છતી કે આ માટે કોઈ સરકારી નિર્દેશ જાહેર કરવા પડે, પરંતુ કેન્દ્રની ઈચ્છા છે કે સાધુ-સંતો ખુદ મેળાની સમાપ્તિની જાહેરાત કરે. આ બાબતને સંચાલિત કરવાનું કામ તીરથ સરકારને સોંપવામાં આવ્યું છે, જે તેમના માટે મુશ્કેલીનું કારણ બની રહ્યું છે. હવે તમામ અખાડાઓ સાથે ગોપનીય સરકારી વાટાઘાટો ચાલી રહી છે, પરંતુ ઘણા અખાડા નારાજ છે કે સરકારે શરૂઆતમાં તેમને વિશ્વાસમાં લીધા નથી.

ઉત્તરાખંડની તીરથ સરકાર સીધો જ મેળાની સમાપ્તિ કરવાની જાહેરાત કરીને સાધુ-સંતો સાથે કોઈ વિવાદ ઊભો કરવા માગતી નથી. માટે રાજ્ય સરકારે જુદા જુદા અખાડાના સંતો સાથે ગુપ્ત બેઠકો શરૂ કરી અને તેમને કુંભમેળો સમાપ્તિની જાહેરાત કરાવવા માટેના પ્રયાસ કર્યા. આ બેઠકોમાં થોડી અસર દેખાઈ. જયારે નિરંજની અને આનંદ અખાડાએ બે દિવસ પહેલાં તેમના વતી મેળાનું સમાપન કરવાની જાહેરાત કરી હતી.

હરિદ્વારમાં ચાલતા કુંભમાં સાધુ-સંતો અને શ્રદ્ધાળુઓની કોરોના સંક્રમિત થવાના ન્યૂઝ આવ્યા પછી પ્રશાસને પગલાં લેવાનું નક્કી કર્યું છે. ઘણા અખાડા પહેલેથી જ કુંભમાંથી પરત ફરવાની જાહેરાત કરી ચૂક્યા છે. આ વિશે હવે વડાપ્રધાન મોદી દ્વારા પણ એક મહત્ત્વનું નિવેદન આપવામાં આવ્યું હતું.

વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે આચાર્ય મહામંડલેશ્વર પૂજય સ્વામી અવધેશાનંદ ગિરિજી સાથે ફોન પર વાત કરી હતી. દરેક સંતના સ્વાસ્થ્યની માહિતી લીધી છે. દરેક સંતગણ પ્રશાસનને દરેક પ્રકારની મદદ કરી રહ્યા છે. મેં એ માટે સંતજગતનો આભાર માન્યો છે.

વડાપ્રધાને આગળ કહ્યું હતું કે મેં વિનંતી કરી છે કે બે શાહી સ્નાન થઈ ગયાં છે, તેથી હવે કુંભને કોરોના સંકટમાં પ્રતીકાત્મક જ રાખવામાં આવે. એનાથી સંકટ સામે લડાઈ લડવામાં તાકાત મળશે. વડાપ્રધાન મોદીએ આ વિશે ટ્વીટ કર્યું હતું.

# કોરોના સંકટના કારણે કુંભ પ્રતિકાત્મક રાખવામાં આવે, મોદીની સંતોને અપીલ



ન્યુ દિલ્હી,તા.૧૭

હરિદ્વારમાં ચાલી રહેલા કુંભમાં સાધુઓ-સંતો અને શ્રદ્ધાળુઓના કોરોના સંક્રમિત થયાના સમાચાર બાદ પ્રશાસન હરકતમાં આવી ચૂકયું છે. કેટલાંય અખાડાએ પહેલેથી જ કુંભમાંથી પાછી આવવાની જાહેરાત કરી દીધી છે. તેને લઇ પ્રધાનમંત્રી મોદીએ પણ એક મોટું નિવેદન આપ્યું છે.

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે આચાર્ય મહામંડલેશ્વર પૂજય સ્વામી અવધેશાનંદ ગિરિજી સાથે આજે ફોન પર વાત કરી. તમામ સંતોને સ્વાસ્થય અંગે માહિતી મેળવી. તમામ સંગતણ પ્રશાસનને દરેક પ્રકારનો સહયોગ કરી રહ્યું છે. મેં તેના માટે સંત જગતનો આભાર વ્યકત કર્યો. પ્રધાનમંત્રીએ આગળ કહ્યું કે મેં પ્રાર્થના કરી છે કે બે શાહી સ્નાન થઇ ચૂકયા છે અને હવે કુંભને કોરોનાના સંકટના લીધે પ્રતીકાત્મક જ રાખવામાં આવે. તેનાથી આ સંકટથી લડાઇને એક તાકાત મળશે. તો પ્રધાનમંત્રીના નિવેદન પર પોતાની ટિપ્પણી પર મહામંડલેશ્વર અવધેશાનંદ ગિરિએ કહ્યું કે માનનીય પ્રધાનમંત્રીજીના આહ્વાનનું અમે સમ્માન કરીએ છીએ! પોતે અને અન્યોના જીવનની રક્ષા મહત પુણ્ય છે. મારી ધર્મ પરાયણ પ્રજાને આગ્રહ છે કે કોવિડની પરિસ્થિતિઓને જોતા #COVID ના નિયમોનું નિર્વહન કરે.

# મુંબઈમાં હવે ઍમ્બ્યુલન્સની અછત: પાલિકા પાસે ફકત ૪૪૭ ઍમ્બ્યુલન્સ

મુંબઇ,તા.૧૭

મુંબઈ સહિત રાજયમાં કોરોનાના દર્દીઓની સંખ્યામાં સતત વધારો થઇ રહ્યો છે, પરિણામે વેન્ટિલેટર્સ અને આઈસીયુ બેડની અછત સર્જાઇ છે ત્યારે બીજી બાજુ ઍમ્બ્યુલન્સ પણ હવે ઓછી પડી રહી છે. પાલિકા પાસે ફકત ૪૪૭ ઍમ્બ્યુલન્સ જ ઉપલબ્ધ હોવાથી દિવસે દિવસે વધી રહેલી કોરોનાના દર્દીની સંખ્યાને જોતા તે ઓછી પડી રહી છે. મુંબઈમાં પરિસ્થિતિ એટલી બધી ગંભીર બની રહી છે કે દર્દીને ઍમ્બ્યુલન્સ માટે પણ લાંબી પ્રતિક્ષા કરવી પડી રહી છે. મુંબઈમાં ગયા વર્ષે માર્ચ મહિનામાં કોરોનાનો પહેલો દર્દી મળી આવ્યા બાદ ઝડપથી કોરોનાના દર્દીમાં વધારો થવા લાગ્યો હતો. કોરોનાના દર્દીને ધ્યાનમાં લેતા તેમની સારવાર માટે પાલિકાએ હૉસ્પિટલ્સ અને કોવિડ કેર સેન્ટર સજ્જ રાખ્યા હતા. એ સમયે પણ દર્દીને લઇ જવા માટે ઍમ્યુલન્સની તીવ્ર અછત નિર્માણ થઇ હતી. અંતે પાલિકાએ બેસ્ટ અને ખાનગી બસોને તાબામાં લઇને તેનું રૂપાંતર ઍમ્બ્યુલન્સમાં કર્યું હતું. આશરે ૬૭૫થી વધુ ઍમ્બ્યુલન્સને કોરોનાના દર્દીઓ માટે ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. ધીમે ધીમે કોરોનાના દર્દીની સંખ્યામાં ઘટાડો થવા લાગતા તબક્કાવાર રીતે ઍમ્બ્યુલન્સની સંખ્યા પણ ઘટાડી દેવામાં આવી હતી.

દરમિયાન ફેબ્રુઆરી મહિનાથી ફરી એકવાર મુંબઈમાં બમણી કોરોનાનો ચેપ ફેલાવાની શરૂઆત થઇ છે. મુંબઈમાં દરરોજ દસ હજારની આસપાસ કોરોનાના દર્દીઓ નોંધાઇ રહ્યા છે. આ પૈકી મોટાભાગના લોકો હોમ કવોરન્ટાઇનમાં જ રાખવામાં આવે છે, પણ તેમ છતાં આશરે એક હજાર જેટલા દર્દીને ઈન્સ્ટિટયૂશનલ કવોરન્ટાઇન સેન્ટર અને હૉસ્પિટલમાં દાખલ કરવા પડે છે. એક દર્દીને હૉસ્પિટલ અને કોરોના સેન્ટરમાં લઇ જવામાં આવ્યા બાદ ઍમ્બ્યુલન્સને સેનિટાઇઝ કરવી પડે છે અને ત્યારબાદ જ તેને ફરી ઉપયોગમાં લેવાય છે. દિવસેને દિવસે વધી રહેલી કોરોનાના દર્દીની સંખ્યાને કારણે ઍમ્બ્યુલન્સની અછત વર્તાઇ રહી છે અને દર્દીને તે માટે રાહ જોવી પડી રહી છે. ટ્રાફિક વિભાગે કોરોનાના દર્દીઓની સેવા માટે નાની બસગાડી, ઈનોવા વગેરે જેવા ૩૨૩ વાહનનું ઍમ્બ્યુલન્સમાં રૂપાંતર કરીને તેને પાલિકાને સોંપી છે. આ સિવાય ૧૦૮ નંબરની ૪૨, પાલિકાની ૪૮, બેસ્ટ બસ ૩૧, એમએસઆરટીસીની ત્રણ બસ એમ કુલ ૪૪૭ ઍમ્બ્યુલન્સ હાલમાં દોડી રહી છે. પાલિકા પાસે એપ્રિલ મહિનાના પહેલા અઠવાડિયામાં ફકત ૨૯૧ ઍમ્બ્યુલન્સ હતી. દર્દીની વધતી સંખ્યાને ધ્યાનમાં લઇને ૧૦મી એપ્રિલના રોજ ૧૫૬ ઍમ્બ્યુલન્સ વધારવામાં આવી. કોરોનાને કારણે મૃત્યુ પામેલા દર્દીના પાર્થિવ દેહને સ્મશાનભૂમિમાં લઇ જવા માટે ૨૦ શબવાહિનીઓ વધારવામાં આવી છે.

## કોરોનાની બીજી લહેર ૧૦૦ દિવસ રહેશે : ૭૦% વેકસીનેશન બાદ આવશે સ્થિરતા

ન્યુ દિલ્હી,તા.૧૭

ભારતમાં કોરોના વાયરસની બીજી લહેરે તાંડવ મચાવી રાખ્યો છે. લોકો જલ્દી તેનાથી રાહત મેળવવાની આસા રાખી રહ્યા છે. દક્ષિણ - પૂર્વ પોલિસના એકસપર્ટની તરફથી જાહેર કરાયેલા એક રિપોર્ટ અનુસાર કોરોનાની બીજી લહેર ૧૦૦ દિવસ સુધી રહી શકે છે. તેઓએ કહ્યું કે ૭૦ ટકા આબાદીને વેકસીનેશન નહીં થાય અને લોકો હર્ડ ઈમ્યુનિટી મેળવી નહીં લે ત્યાં સુધી કોરોનાની લહેર કાયમ રહેશે. એકસપર્ટએ કહ્યું હતું કે, હર્ડ ઈમ્યુનીટી સંક્રમણ બિમારીઓના વિરોધમાં અપ્રત્યક્ષ રીતે બચાવ થાય છે. આવું ત્યારે થાય છે જયારે આબાદી કે લોકોના સમૂહ કે વેકસીન લગાવવા માટે ફરીથી સંક્રમણથી બહાર આવ્યા બાદ તેની વિરોધમાં ઈમ્યુનિટી વિકસિત કરી લે છે. સમૂહની આ સામૂહિક ઈમ્યુનિટીને હર્ડ ઈમ્યુનિટી કહેવાય છે. પોલીસકર્મીઓની વચ્ચે જાગરુકતા લાવવાના હેતુથી નવા મ્યૂટેન્ટ વાયરસમાં પ્રતિરક્ષા અને અહીં સુધી કે વેકસીનની અસરની પણ ક્ષમતા છે.

## ૫૦થી વધુ બૅડની હૉસ્પિટલો ઑકિસજન જનરેશન પ્લાન્ટ ઊભા કરેઃ મહા. સરકાર

મુંબઇ,તા.૧૭

રાજયમાં મેડિકલ ઑકિસજનની અછત છે ત્યારે રાજય સરકાર ઈચ્છે છે કે ૫૦ કે તેનાથી વધારે બૅડ ધરાવતી ખાનગી હૉસ્પિટલો ઑક્સિજન જનરેશન પ્લાન્ટ ઉભા કરે, જે દરદીઓના જીવ બચાવવા માટે જરૂરી છે. આરોગ્ય પ્રધાન રાજેશ ટોપેએ જણાવ્યું હતું કે ૫૦થી વધારે બૅડ ધરાવતી હૉસ્પિટલોએ પોતાનો જ પ્લાન્ટ ઊભો કરવો જોઈએ જેથી તેઓ સરકાર પર નિર્ભર ન રહે. ૫૦ કરતા ઓછા બૅડ ધરાવતી હૉસ્પિટલ ઑક્સિજન કૉન્સેન્ટ્રેટરનો ઉપયોગ કરે, જે દરદીને ઑક્સિજન આપવામાં મદદરૂપ થાય છે. તેમણે ઑક્સિજન પણ વધારે પ્રમાણમાં ઉપયોગમાં લેવામાં આવતું હોવાનું જણાવ્યું હતું, જેને લીધે પણ અછત સર્જાય છે.

## રસી બનાવવાની હાફકિનને પરવાનગી, ઉદ્ધવે માન્યો વડાપ્રધાનનો આભાર

મુંબઇ,તા.૧૭

કેન્દ્ર સરકારે હાફકિન બાયો ફાર્મા કોર્પોરેશનને રસી બનાવવાની પરવાનગી આપી હતી. મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેએ કરેલી વિનંતીનો સ્વીકાર કરી સરકારે આ નિર્ણય કર્યો હોવાથી ઉદ્ધવ ઠાકરેએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીનો આભાર માન્યો હતો. આ મંજૂરીથી રાજયમાં મોટા પ્રમાણમાં રસીનું ઉત્પાદન થશે તેમ ઠાકરેએ જણાવ્યું હતું. સાયન્સ અને ટેકનોલોજી ખાતાના સેક્રેટરી રેણુ સ્વરૂપે રાજયના સેક્રેટરી સીતારામ કૂંટેને પત્ર દ્વારા પરવાનગી આપ્યાનું જણાવ્યું હતું. મુખ્ય પ્રધાન ઉપરાંત મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના અધ્યક્ષ રાજ ઠાકરેએ પણ મોદીનો આભાર માન્યો હતો.

# રશીયાએ અમેરિકન એફબીઆઇ ચીફ સહિત ૮ અધિકારીઓ પર મુક્યો પ્રતિબંધ

મોસ્કો,તા.૧૭

રશિયા અને યુનાઈટેડ સ્ટેટ્સ વચ્ચે તનાવ સતત વધી રહ્યા છે, અને આ વખતે રશિયાએ અમેરિકા સામે પ્રતિક્રિયા આપી છે. પહેલા અમેરિકાએ રશિયાના કેટલાક રાજદ્વારીઓને પ્રતિબંધ મૂક્યો હતો, હવે રશિયાએ પણ અમેરિકન અધિકારીઓ પર પ્રતિબંધ મૂકવાનું શરૂ કર્યું છે. શુક્રવારે રશિયાએ યુએસના આઠ ઉચ્ચ અધિકારીઓને પ્રતિબંધિત કર્યા છે, જેમાં એફબીઆઈના ડાયરેક્ટર ક્રિસ્ટોફર રે અને યુએસ ડિરેક્ટર ઓફ નેશનલ ઈન્ટેલિજન્સ એવરિલ હેઈન્સનો સમાવેશ છે. રશિયાએ અમેરિકાના આ નિર્ણય બાદ રશિયાએ આ પગલું ભર્યું છે જ્યારે એક દિવસ પહેલા જ અમેરિકાએ રશિયા પર અનેક કડક પ્રતિબંધો જાહેર કર્યા હતા. રશિયાના વિદેશ પ્રધાન સેરગેઈ લવરોફે શુક્રવારે કહ્યું હતું કે રશિયા અમેરિકાના ૧૦ રાજદ્વારીઓ પર પ્રતિબંધો લાદશે. આ સાથે, રશિયાએ કહ્યું છે કે તે રશિયામાં કાર્યરત અમેરિકન એનજીઓનો અવકાશ ઘટાડશે, અમેરિકન રાજદ્વારીઓ માટે નવા નિયમો બનાવશે અને રશિયામાં કાર્યરત અમેરિકન કંપનીઓ માટે તે પીડાદાયક બનાવશે. ગુરુવારે યુનાઈટેડ સ્ટેટ્સ દ્વારા રશિયા પર ઘણા કડક પ્રતિબંધોની જાહેરાત કરવામાં આવી ત્યારે રશિયાએ યુ.એસ. સામે ગુરુવારે તે પગલા બાદ યુએસ વિરુદ્ધ બદલો લેતી કાર્યવાહી કરી છે. રશિયન વિદેશ પ્રધાને એમ પણ કહ્યું છે કે તેમણે અમેરિકન રાજદૂતને કહ્યું છે કે તેઓ વોશિંગ્ટન જઈ શકે છે જ્યાં તેઓ આ મુદ્દાઓ પર તેમના અધિકારીઓ સાથે ‘સિરિયસ‘ અને ‘વિગતવાર‘ વાત કરી શકે છે. તમને જણાવી દઈએ કે ગયા મહિને જ રશિયાએ અમેરિકાથી તેના રાજદૂતને પાછો ખેંચી લીધો હતો. જ્યારે રશિયન રાષ્ટ્રપતિને તેના એક ટીવી ઈન્ટરવ્યુમાં



રશિયન પ્રમુખને ખૂની કહેવાયો ત્યારે રશિયાએ યુએસથી તેના રાજદૂતને બોલાવવાનું નક્કી કર્યું.

ઘણા મુદ્દાઓને લઈને યુ.એસ. અને રશિયા વચ્ચે તનાવ રહે છે. પરંતુ છેલ્લો મુદ્દો યુક્રેન-રશિયા સરહદ વિવાદનો છે. રશિયાએ યુક્રેન બોર્ડર પર ૮૦ હજારથી વધુ સૈનિકો મોકલ્યા છે, જ્યારે સેંકડો તોપો, ટેંક અને રશિયાએ પણ એસ -૪૦૦ મિસાઈલ સિસ્ટમ યુક્રેન બોર્ડર પર મોકલી છે. તે જ સમયે, યુકેએ યુક્રેનને ટેકો આપવાની જાહેરાત કરી છે, તેથી બંને દેશો વચ્ચે તણાવ ટોચ પર છે. તે જ સમયે, રશિયા પર અમેરિકી રાષ્ટ્રપતિની ચૂંટણીમાં દખલ કરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે, જયારે રશિયા પર સાયબર ક્રાઇમ ચલાવવાનો પણ આરોપ મૂકાયો છે, તેથી જ બાયડેન વહીવટીતંત્ર રશિયાથી નારાજ છે અને હવે બંને દેશો વચ્ચે તણાવ ટોચ પર છે. તે જ સમયે, નાટો દેશની સેનાએ પણ રશિયન આક્રમણ અંગે ચિંતા વ્યક્ત કરી છે. માનવામાં આવે છે કે જો રશિયા આ વખતે યુક્રેન પર હુમલો કરશે તો યુએસ સહિત નાટોની સૈન્ય પણ યુક્રેનને ટેકો આપવા માટે આવશે.

રશિયા દ્વારા અમેરિકન રાજદ્વારીઓ પર પ્રતિબંધની યુ.એસ.ની ઘોષણાને ‘તણાવ વધારનાર અને ખેદજનક‘ ક્રિયા ગણાવી છે. યુએસ વિદેશ વિભાગે પોતાના નિવેદનમાં કહ્યું છે કે ×અમે હાલના સમયમાં રશિયા વિરુદ્ધ જે કડક પગલાં લીધાં છે તે જરૂરી અને સંપૂર્ણ રીતે યોગ્ય છે.× તે જ સમયે, રશિયા દ્વારા અમેરિકન રાજદ્વારીઓ પર પ્રતિબંધની ઘોષણા એ તણાવપૂર્ણ અને ખેદજનક પગલું છે. અમારા માટે ફરીવાર તાણ વધારવાનું સારું નથી પરંતુ કોઈ પણ રશિયન રાજદ્વારી જો તે યુ.એસ. સામે કામ કરતો પકડે તો તેની સામે કડક પગલાં લેવાનો અમેરિકાને અધિકાર છે. ‘ તમને જણાવી દઈએ કે ૧૦ રશિયન અધિકારીઓ કે જેમણે યુ.એસ. દ્વારા પ્રતિબંધ મૂક્યો છે તેઓને આગામી ૩૦ દિવસની અંદર યુ.એસ.થી રવાના થવું પડશે.

# દિલ્હીમાં સ્થિતિ નહીં સુધરે તો લાગી શકે છે સંપૂર્ણ લોકડાઉન



ન્યુ દિલ્હી,તા.૧૭

કોરોનાના કહેર વચ્ચે દિલ્હીમાં નાઈટ કર્ફ્યૂ પહેલેથી જ લાગુ છે. અને હવે કેજરીવાલ સરકારની નવી જાહેરાત બાદ વીકેન્ડ કર્ફ્યૂ પણ લાગુ કરાયો છે. શુક્રવારે રાત્રે ૧૦ વાગ્યાથી શરૂ થયેલો કર્ફ્યૂ સોમવારે સવારે ૬ વાગ્યા સુધી યથાવત્ રહેશે. આજે પહેલા વીકેન્ડ કર્ફ્યૂનો પહેલો દિવસ છે. વીકેન્ડ કર્ફ્યૂ આગામી દિવસોમાં આ રીતે જ ચાલુ રહેશે, જ્યાં સુધી કોઈ નવા આદેશ જાહેર ન થાય.

તો બીજી બાજુ, કોરોનાના વધતા કેસને ધ્યાનમાં રાખીને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આજે એક રિવ્યૂ મીટિંગ બોલાવી છે. આ મીટિંગમાં કોવિડ-૧૯ મેનેજમેન્ટ માટે નોડલમંત્રી મનીષ સિસોદિયા, હેલ્થ મિનિસ્ટર સત્યેન્દ્ર જૈન તેમજ અન્ય મહત્ત્વપૂર્ણ અધિકારી સામેલ થશે. ત્યારે આ બેઠક બાદ દિલ્હીમાં સંપૂર્ણ લોકડાઉન લાગુ કરાશે એવી ચર્ચાએ જોર પકડ્યું છે.

દિલ્હીના ઝસ્ની રિવ્યૂ મીટિંગમાં રાજધાનીમાં સંપૂર્ણ લોકડાઉનને લઈને ચર્ચા થઈ શકે છે. એવી શક્યતા છે કે જો વીકેન્ડ કર્ફ્યૂથી કોરોનાના કેસમાં કોઈ ઘટાડો નહીં થાય તો દિલ્હીમાં સંપૂર્ણ લોકડાઉન લગાડવામાં આવી શકે છે. આ પહેલાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે બે વાત મુખ્ય રીતે જણાવી હતી કે લોકડાઉન કોઈ સમાધાન નથી તેમજ જો મામલો રોકાતો નથી તો લોકડાઉન પર વિચાર કરવામાં આવી શકે છે. જે રીતે દિલ્હીમાં એકાએક આટલી ઝડપથી કેસ વધી રહ્યા છે એ દૃષ્ટિએ લાગી રહ્યું છે કે દિલ્હી સરકાર બીજા ઓપ્શન પર વિચારવામાં વધુ સમય નહીં લગાડે. દિલ્હીમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૧૯,૪૮૬ નવા કેસ નોંધાયા છે, જયારે ૧૪૧ લોકોનાં મોત કોરોનાને કારણે થયા છે. બેકાબૂ થઈ ગયેલા કોરોનાએ સરકારની ઊંઘ હરામ કરી દીધી છે. તો નાગરિકોમાં પણ જોરદાર ડર જોવા મળી રહ્યો છે. વીકેન્ડ લોકડાઉન પહેલાં જ દિલ્હી પોલીસના જવાનો રસ્તાઓ પર તહેનાત જોવા મળી રહ્યા હતા અને ૧૦ વાગતાં જ પોલીસ એક્શનમાં આવી ગઈ હતી.

દિલ્હીમાં શુક્રવારે રાતથી વીકેન્ડ કર્ફ્યૂની અમલવારી શરૂ થઈ ગઈ છે, ત્યારે મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કહ્યું હતું કે ×કોરોનાને પગલે આજે અને આવતીકાલે દિલ્હીમાં કર્ફ્યૂ છે.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની આજ ૫ ગદ્ય રચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

વિષય : રાજ,રાજપાટ,રાજ સિંહાસન,રાજવી પરંપરા - .દિવસ - ૬

www.janfariyadnews.com
Email : prdpraval42@gmail.com
What's up calling No : 9824653073
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
નિર્ણાયક મંડળ :જયશ્રીબેન પટેલ,અરૂણાબેન ત્રિવેદી
યુ ટ્યુબ ચેનલ : janfariyadnews
ન્યૂઝ પોર્ટલ : janfariyanews
વેબ સાઈટ : janfariyadnews.

---

## NOG SS NO.0031

વિષયઃ- રાજ
પ્રકારઃ- ટૂંકી વાર્તા
શીર્ષકઃ- પત્નીની આવડત

આકાશ અને અનિલાનાં લગ્નને ત્રણ વર્ષ થવા આવ્યા હતા.પરંતુ અનિલા ગામડાની અને ઓછું ભણેલી હોવાથી પતિના □દયમાં પોતાનું સ્થાન બનાવી શકી નહોતી.આકાશ પણ એમ જ કહેતો કે અનિલા સાથે લગ્ન ફક્ત તેણે પોતાના મમ્મી -પપ્પાની ખુશી માટે જ કર્યા છે.

અનિલા ભલે ઓછું ભણેલીને ગામડાંની હતી . પણ,દેખાવમાં સુંદર,પહેરાવે ઓઢાવે સુઘડ, ઘરકામમાં, રસોઈમાં, અને બીજા અન્ય કામમાં હોંશિયાર હતી.આ બધાં ગુણ જોઇને જ આકાશનાં મમ્મી-પપ્પાએ તેને પસંદ કરેલી.

એક દિવસ સાંજે આકાશ ઓફિસથી ઘરે આવ્યો ત્યારે એકદમ ઉદાસ હતો.મમ્મી-પપ્પાએ તેને ઉદાસીનું કારણ પૂછ્યું.પહેલાં તો આકશે થોડી હા ના કરી પણ, મમ્મી-પપ્પાના બહુ જ પૂછવાથી તેણે રડમસ અવાજે કહ્યું," આ મંદીનાં કારણે અમારી કંપનીએ બધા કર્મચારીઓનો પગાર ઘટાડી નાખ્યો અને કહ્યું કે જો આ પગારમાં નોકરી કરવી હોય તો કરો નહીં તો બીજે ગોતો.હાલની પરિસ્થિતિમાં બધી કંપનીઓની આ જ હાલત છે.કોઇ નવી ભરતી કરતું જ નથી.તો મારે આ પગારમાં અહીં જ નોકરી કરવી પડશે.પગાર ઘટશે પણ મોંઘવારી થોડી જ ઘટશે? આપણું ઘર કેમ ચાલશે?"

આ સાંભળી અનિલાએ કહ્યું," તમે જરા પણ ચિંતા ના કરો હું છું નેં.તમે આટલા સમયથી ઘરખચે માટે જે પૈસા આપતા તેમાંથી હું કરકસર કરી ઘર ચલાવતી એટલે એ થોડી ઘણી બચત પડી છે તો થોડા મહિના વાંધો નહીં આવે અને આ સમય દરમિયાન હું પણ મારે લાયક કોઈ કામ શોધી લઈશ." આ સાંભળી આકાશ થોડો ગુસ્સાથી બોલ્યો, 'તું ક્યાં એટલું ભણેલી છો કે તને કંઇ કામ મળે?" આ સાંભળીને પણ અનિલા એકદમ શાંત અને સ્વસ્થ રહી. રસોઈકળામાં તો અનિલા હોશિંચાર? હતી જ તેણે ઘરમાં જ ઓડેર મુજબ સૂકા નાસ્તા બનાવવાનું અને ટીફીન બનાવવાનું શરૂ કર્યું.થોડો સમયમાં જ સ્વાદ અને ગુણવત્તા સાથે ઓછા નફે વધુ વેપારની સમજથી તેને ઘણા ઓડેર મળવા લાગ્યા.થોડાં સમયમાં તો ઘણો ખરો ઘરખચે અનિલાએ શરું કરેલ કામમાંથી નીકળવા લાગ્યો.

આકાશ પર આવી પડેલ આર્થિક સંકટમાં અનિલાએ એનો સાથ આપ્યો તેથી હવે તેને અનિલાની કદર થઇ અને આમ અનિલા પોતાની આવડત અને હોંશિયારીથી પતિના દિલ પર રાજ કરવા લાગી.

મેઘલ ઉપાધ્યાય 'મેઘુ' રાજકોટ

---

## NOG SS No :- 0027

પ્રકાર :- લેખ
રાજવટ

રાજવટ એક રીત છે. પરંપરા છે, સભ્યતા છે જેના મુગટ પર વિવેક બિરાજે છે. જેનાં શિખર પર શાલિનતાનો જયઘોષ સંભળાય છે. સામાન્ય માણસ છીછરો બની શકે. રાજપરિવારમાં ભવ્યતા જ છાજે. એની મહેમાનગતિનો જોટો ન જડે. એની ઉદારતા પર ઓવારી જવાનું મન થાય. રાજા પ્રજાનો આદર્શ હોય છે. આપણી સંસ્કૃતિમાં કહેવાયું છે કે, યથા રાજા, તથા પ્રજા. રાજા પ્રજાને ઘડે છે. પ્રભાવી રાજાની સ્વાભિમાની પ્રજા થકી રાષ્ટ્ર સમૃદ્ધ બને છે. રાજસત્તા ત્રણ ગુણોથી ચાલતી હોય છે. ૧. પરાક્રમ ૨. મુત્સદ્દીગીરી ૩. મોરલ. એકલું બળ કે એકલાં ઉચ્ચ આદર્શો એ રાજવટ નથી. આ સૌનો સુભગ સમન્વય થકી રાજા શ્રેષ્ઠ શાસક બનતો હોય છે.

રાજવી હંમેશા સજ્જ હોવો જોઈએ. ગાફેલ રાજા નગરનો નાશ નોતરે છે. જેનો રાજા જાગૃત હોય એની પ્રજા ચેનથી સૂઈ શકે છે. રાજા પાસે યોગ્ય, વિશ્વાસુ લોકોની ટીમ હોવી જોઈએ. રાજા બધાં સાથે એકસરખો વ્યવહાર રાખી શકતો નથી. પ્રધાન, સેનાપતિ, પુરોહિત, પરિવાર, શત્રુ દરેક પ્રત્યે એનો વ્યવહાર ભિન્ન હોય છે. એ રાજાની કુશળતા સિધ્ધ કરે છે. આમ, રાજવટ એક જબરદસ્ત જવાબદારી છે. કોઈ કદાચ રાજકુળમાં જન્મ લઈ એનો ઉત્તરાધિકારી બની શકે પણ, રજવાડું સાચવવા માટે એની પાત્રતા સિદ્ધ કરવી પડે છે. જો રાજવી આવી બહિર્મુખી પ્રતિભાનો ધણી ન હોય તો એ રાજા થવાને લાયક હોતો નથી.

જયોતિ આચાર્ય, અમદાવાદ

## NOG SS NO-0050

વિષય - રાજ, રાજપાટ,રાજ સિંહાસન,રાજવી પરંપરા.
શીર્ષક - રાજવી પરંપરા
પટોડી નવાબ.(લેખ.)

ભારતના રાજવી પરિવારો વિશે વાત કરીએ. આપણે આજે પણ રાજવી પરંપરા ને અનુલક્ષીને જીવે છે. શાહી અંદાજમાં ભલેને લોકતંત્ર એ રાજાઓ પાસેથી તેમની તાકાત અને શાસન લઈ લીધાં હોય. એ રાજાઓનાં પરિવાર પણ શાહી ઠાઠ માઠથી રહે છે .ઘણાં રાજવી પરિવારો છે જે એમના પૂર્વજોની જેમ જ છટાદાર રીતે જીવન જીવે છે .એવાજ પરિવારોમાં પટોડી નવાબના વિશે હું વાત કરું છું .આ રાજવી પરિવારને દરેક લોકો ખૂબ સારી રીતે જાણે છે .પટોડી રાજવંશ ને શરૂઆતમાં ભારતીય ટોચ ટીમના વડા અને ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન મન્સૂર અલી ખાન પટોડી જ સંભાળતા હતાં. આ પરિવારની દોરી હવે બોલિવૂડના નવાબ સૈફ અલી ખાન આગળ સંભાળી રહ્યા છે.

પટોડીના પરિવાર આમ તો ૨૦૦ વર્ષથી પણ વધુ જૂનો છે. હરિયાણા ગુરગાવ હવે ગુરુગ્રામથી ૨૬ કિલોમીટર દૂર ઝગમગતો સફેદ રૂ જેવો ચાંદનીનાં પ્રકાશ જાને સંગેમરમરની જેમ ચમકતો મહેલ.? પટોડી પરિવારની નિશાની છે ૮૦ વરસ થયા બનીએ. પટોડી પેલેસ નું નિર્માણ ૧૯૩૫માં આઠમા નવાબ અને ભારતીય ટીમના પૂર્વ કપ્તાન અલી ઈફ્તિખાર અલીહુસૈન સિદીકીએ કરાવ્યું હતું. તેમણે બેગમ સજીદા સુલતાન માટે બંધાવ્યો હતો .તેમના દીકરા નવમા નવાબ મન્સૂર અલી ઉર્ફે નવાબ પટોડીએ વિદેશી આર્કિટેકની મદદથી આનું રિનોવેશન કરાવેલું હતું. નવાબના અવસાન પછી હવે તો સેફ અલીખાનની પત્ની કરીના કપૂર ખાન આ જવાબદારી સંભાળી રહેલી છે પૂર્વજોની ધરોહરને..!

રાગીની શુક્લ "રાગ"
( મુંબઈ, કાંદિવલી.)

## NoG SS No..73

વિષય.. રજવાડા

આજનું ભાવનગર એક સમયે ગોહિલવાડથી ઓળખાતું હતું. જોકે સૌરાષ્ટ્ર ગુજરાતમાં ગોહિલ એક અટક છે.સરદારે જયારે દેશી રજવાડાંઓને એક કરવાનું અભિયાન ઉપાડ્યું હતું ત્યારે સૌ પ્રથમ દેશની એકતા અને અખંડિતતા માટે સૌ પ્રથમ પોતાના રજવાડાને દેશને સોંપનાર રજવાડું ગોહિલવાડ એટલે કે આજનું ભાવનગર હતું,ભાવનગરનો જન્મ ૧૭૨૩માં થયેલોને ભાવનગરના રાજા ભાવસિંહજી પરથી નગરનું નામ ભાવનગર પડ્યું છે,ભાવનગરમાં ૮૫૦ નાના ગામ હતા જે રાજાએ સરદારને હવાલે કરી દીધા હતા.એ સમયે ગોહિલવાડ સૌથી શિક્ષિત રજવાડું મનાતું હતું.

નયના પટેલ..નૈન,વડોદરા...

---

## NOG SS No.0007

વિભાગ:ગદ્ય
પ્રકારઃ મા.ફી.
વિષય:રાજ,રાજપાટ, રાજસિંહાસન
શીર્ષક : રાજરમત

પચાસ વર્ષે આજે પણ; સોનગઢના એ મહેલમાં દર પૂનમે દરબાર ભરાય છે, સારંગીના સૂર છેડાય છે, તબલાંના તાલ પર ઘુંઘરુબંધ પાનીઓની થપાટ સંભળાય છે; અને અચાનક એક કારમીચીસ મહેલની ઊંચી દિવાલો વીંધતી બજારમાં સંભળાય છે.

બજાર વચ્ચે આવેલ ચબુતરે બેઠેલાં પંચ્યાસી દિવાળી જોઈ ચૂકેલાં જયસિંહના મોઢામાંથી એક ટીસ નીકળે છે અને શબ્દો સરી પડે છે કે," ઠાકરે શ્રી લેખા સાથે રાજ રમત રમી ન હોત અને એને અપનાવી લીધી હોત તો આ રજવાડું જળવાય ગયું હોત! "

આરતી મરચંટ

## ફરી એક વાર ....



શમશાદ બેગમની ૧૦૨મી વર્ષગાંઠે યાદોનાં ફુલ અર્પણ કરીએ.

માત્ર અમદાવાદ શહેર જ નહીં,
માત્ર ભારત દેશ જ નહીં,
પરંતુ વિદેશમાં પણ જેની અપાર લોકચાહના છે, એવી ગ્રામોફોન ક્લબે ૨૬વર્ષની ભર યુવાનીમા પ્રવેશ કર્યો છે.

મનોરંજન સાથે માહિતી અને ,નહીં નફો નહીં નુકસાન ના મુળભૂત પાયા ઉપરથી ક્યારેય ડગી નથી, આ સંસ્થા.

અમદાવાદ ના સંગીતરસિયાઓ ને, તેમના સંગીતના આરાધ્ય દેવો સમાન ગાયકો, સંગીતકારો, અદાકારોના પ્રત્યક્ષ દર્શનનો લાભ મળ્યો, ગ્રામોફોન ક્લબના કારણે.

વૈજયંતિમાલા, વહિદા રહેમાન, આશા પારેખ, કામિની કૌશલ, નિમ્મી જી...
વિશ્વજિત, પરિક્ષિત સહાની... વિં....
નૌશાદજી, રવિ, અનિલ બિશ્વાસજી, મીના કપુરજી વિ.
તુષારભાઇ શુકલ, નલિન શાહ, તબસ્સુમ જી, ગેપાલ શર્માજી, અંકિત ત્રિવેદી, તુષાર ભાટિયા, યુનુસ ખાન જેવા ધુરંધર વક્તાઓ એ પ્રેક્ષકોને અભિભૂત કરી દીધા.

તા.૨૭/૧૧/૨૦૧૦ નો શનિવાર,
ટાગોર હોલ, રાત્રિના ૮.૧૫ કલાકનો સમય.
પડદો ઊંચકાય છે,
એક વ્હીલચેર સ્ટેજ ઉપર પ્રવેશે છે.
એને કોણ હંકારે છે, એ ગૌણ છે.
બિરાજમાન છે, જાજરમાન શમશાદ બેગમ.
૯૧ વરસની ઉંમર, ચહેરા ઉપર કરચલીઓ ખરી જ,
છતાં એકસાથે અનેક ચાહકોની વચ્ચે પ્રવેશતાં જ,
એ કરચલીઓ પણ તેજકિરણો બની જાય છે.
પ્રેક્ષકો દિગ્મૂઢ, જાણે ચમત્કાર થઈ રહ્યો છે.
વર્ષોનું સ્વપ્ન સાકાર થઈ રહ્યું છે.

પદ્મભૂષણ શમશાદજીએ અરસાઓ અગાઉ ક્ષેત્રસંન્યાસ લઈ લીધેલો, કોઈ ટીવી શો માં, વર્તમાનપત્રો માં, કોઈ કાર્યક્રમ મા, ઈન્ટર્વ્યુ મા પણ જોવા-સાંભળવા ના મળે.

પેલું જાણીતું ગીતઃ કાહે કોયલ શોર મચાયે રે...
એનો છેલ્લો અંતરો,
કોઈ જા કે ઉન્હેં સમજાયે રે
મેરી મૌત સે પહલે આયે રે,
એવો સતત ભાવ અને આગ્રહ બધાં પ્રેક્ષકોનો.

પથદર્શક વડીલ શ્રી રજનીકુમાર પંડયા અને ઉર્વિશભાઈ કોઠારીએ તેમની ભાળ મેળવી આપી, સંપર્ક કરાવ્યો, જેના પરિણામ સ્વરૂપ શમશાદ બેગમ આશરે ૪૭ વર્ષ પછી મહારાષ્ટ્ર ની બહાર, અમદાવાદ આવવા રાજી થયા.

બાકીનો હિસ્સો શ્રી મહેશભાઈ શાહ, ડો. નાગોરી, ચંદ્રશેખર વૈદ્ય અને કમિટી સભ્યોએ સુપેરે સંભાળી લીધો, પ્રશ્નોત્તરી, ગીતોનું ચયન વિ.

અમદાવાદ આવવાના ૧૦/૧૨ દિવસ પહેલા મુંબઈમાં એક ફંકશનમાં શમશાદજી ગયેલા, ૧૦ મિનીટમાં જ આયોજકની વિદાય લઈને પરત આવેલા,
તેથી અમદાવાદ માં શું થશે, એ સવાલ હતો.
કર્નલ રાત્રા, શમશાદજીનાં કડક જમાઈ સાથે આવેલાં.
શો શરુ થયો, અને .....
પ્રશસ્તિ પ્રાણવાયું સમાન છે, ઈશ્વરને પણ પસંદ છે,
ભરચક ટાગોર હોલમાં પ્રેક્ષકો ભાવવિભોર છે,
અને એનું પ્રતિબિંબ પડ્યું જ. શરુ મા બોલવામાં અસ્પષ્ટ શમશાદજી ખીલ્યાં પુરબહાર,મધ્યાંતર સુધી અવિરત વાતો કરી.

૯૧ વરસે થાક્યા જ હોય એમ માનીને જમાઈરાજે, સાસુ અર્થાત્ શમશાદજીને હોટેલમાં પરત ફરવાની આજ્ઞા કરી, પણ હજી તો ઘણી વાતો યાદ આવતી જતી હતી.

આયોજક મારફત દીકરી ઉષાને ફોન જોડ્યો,
કે હજી મારે વાતો કરવી છે,
ઉષાબેને કર્નલને ટાઢાં પાડ્યાં.
આંખો કાર્યક્રમ ૪ કલાક ચાલ્યો,
સતત શમશાદજી પ્રેક્ષકો સન્મુખ રહ્યાં.
કાર્યક્રમ પુરો થયો,
એટલે ટાગોર હોલ જાણે દેવાલયમાં ફેરવાઈ ગયો.

ઉપસ્થિત તમામ, લાઈનબધ્ધ થઈ શમશાદજીને રીતસર પગે લાગીને, ભાવુક થઈને અખંડ સંભારણા સાથે વિદાય થયા. અમદાવાદ મા બે દિવસ રહ્યા,

ભાઈ મનિષ ના આગ્રહથી 'રજવાડુલ્લનુ આતિથ્ય માણ્યું, ભૂતકાળની સફર ખેડી.

એ દોરમાં ગાયકો જ અદાકારી કરતાં, બીજા શબ્દોમાં, અદાકારો ગીતો ગાતાં.

પિતાની આજ્ઞા ક્યારેય ના ઉથાપી,
ક્યારેય પડદાં ઉપર કે પડદાની બહાર ના આવ્યાં.
આજના સમયમાં ગાયકો માત્ર અવાજ કાઢે છે,
કોમ્પ્યુટર જ ગાય છે, એ બાબતે ઊંડી ચિંતા વ્યક્ત કરી.
મને સતત બે દિવસ એમના ચરણોમાં બેસવાનો અવસર મળ્યો, એમની વ્હીલચેરના સારથી બનવાનો મોકો મળ્યો.

મને બાળપણ સાંભરી આવ્યું, વેકેશન પરથી પરત ફરતાં દાદી-નાની વહાલથી માથામાં હાથ ફેરવે, કપાળમાં બચી કરે,
બસ એમ જ,
એમની અમદાવાદથી વિદાય વખતે, એમણે મારા માથા ઉપર હાથ ફેરવતાં વહાલથી-લાડથી કહ્યું 'મેરા બચ્ચાહ્ન.
મારી આંખો સજળ છે,
મોક્ષ પ્રાપ્તિ થયા જેટલો જ પરમ આનંદ છે.

અસ્તુ.
મિલન જોશી.

### કોવિડ-૧૯- અમદાવાદ આરોગ્યકર્મીઓની ફરજનિષ્ઠાને સલામ

# અમદાવાદ સિવિલ મેડીસીટીના ૨,૫૦૦ થી વધુ સ્ટાફે મહિનાઓથી રજા લીધી નથી

અત્યારે સમસ્ત દુનિયામાં કોરોના મહામારીનો પ્રકોપ જોવા મળી રહ્યો છે. ત્યારે ઈલાજની આશાએ આવેલા દર્દીને બચાવવા અને કોરોનાનાને રોકવા માટે ગુજરાત સરકાર સંચાલિત સિવિલ હોસ્પિટલનો મેડિકલ સ્ટાફ પણ ''આ પાર કે પેલે પાર''ના ધ્યેય સાથે જીવસટોસટની બાજી ખેલી રહ્યો છે.

વર્તમાન સમયમાં સિવિલ હોસ્પિટલની ૧૨૦૦ બેડની હોસ્પિટલ તથા મંજુશ્રી મિલ કમ્પાઉન્ડમાં નવનિર્મિત કિડની હોસ્પિટલની ઈમારતમાં કાર્યરત કોવિડ સુવિધાઓમાં વિવિધ કેડરના કુલ ૨૫૮૦ લોકોનો મેડિકલ સ્ટાફ દિન-રાત જોયા વિના માત્ર ને માત્ર દર્દીઓ માટે 'રાઉન્ડ ધ ક્લોક' કામ કરી રહ્યો છે. આ ફરજ નિષ્ઠાથી સિવિલ હોસ્પિટલના સ્ટાફે મેડિકલ વ્યવસાયમાં આવનારી ભાવિ પેઢીઓ માટે કર્તવ્યપરાયણતાનું ઉચ્ચ દૃષ્ટાંત પ્રસ્થાપિત કર્યું છે. મેડિકલ સ્ટાફની દર્દીઓ પ્રત્યેની સમર્પિતતાનો ખ્યાલ એના પરથી મળી શકે કે આવી કઠિન પરિસ્થિતિમાં પણ ૫૨૮ ડોક્ટર, ૬૫૫ નર્સ, ૩૦૧ પૅરા મેડિકલ કર્મચારી, ૮૮૭ સફાઈકર્મી, ૧૫૩ સુરક્ષાકર્મી, ૧૪ કાઉન્સેલર, ૨૫ દર્દી સહાયક અને ૧૫ પી.આર.ઓ. – કુલ ૨૫૮૦ મેડિકલ સ્ટાફે દર્દીઓ ખાતર ઘણા દિવસોથી એક પણ રજા લીધી નથી.

કોવિડના દર્દીઓની રાત-દિનની સેવા દરમિયાન ડોક્ટર્સ સહિતનો ૮૦ જેટલો મેડિકલ સ્ટાફ પણ કોરોનાની આ ઘાતક લહેરમાં સંક્રમિત થયો છે, પણ આ તમામ સ્ટાફ મેમ્બર્સે સાજા થયા બાદ પુનઃ ફરજ પર જોડાઈ જઈ ફરજ પ્રત્યેની પોતાની કર્તવ્યનિષ્ઠા દર્શાવી છે.

એક તરફ મેડિકલ સ્ટાફ દિન રાત ખડે પગે ફરજ બજાવી રહ્યો છે ત્યારે ગુજરાત સરકાર પણ કોવિડ દર્દીઓની સેવા-સુશ્રુષા કરવા માટે યુદ્ધના ધોરણે કામગીરી કરી રહી છે. ગુજરાત સરકાર નિર્ણાયકતા સાથે સરકારી હોસ્પિટલોમાં જોઈતા તમામ સાધન-સગવડો વિના વિલંબે પ્રદાન કરી રહી છે.

સરકારી હોસ્પિટલમાં સારવાર મેળવી રહેલા તમામ દર્દીઓ માટે મોંઘા ઈન્જેક્શન, દવાઓ સમયસર પર્યાપ્ત જથ્થામાં હોસ્પિટલમાં પુરા પાડવામાં આવી રહી છે. સરકારી સિવિલ હોસ્પિટલમાં ટોસીલીઝૂમેબ અને રેમડેસિવીર જેવા અત્યંત મોંઘા ઈન્જેક્શનની સારવાર પણ દર્દીને નિઃશુલ્ક આપવામાં આવે છે.

કોરોનાગ્રસ્ત દર્દીઓને સતત સારી સારવાર મળી રહે તે માટેની તમામ વ્યવસ્થા સિવિલ તંત્ર દ્વારા કરવામાં આવી છે. સિવિલ હોસ્પિટલની બહાર હોસ્પિટલ અને મંજુશ્રી મિલ કમ્પાઉન્ડ સ્થિત કિડની હોસ્પિટલમાં દર્દીના સગાને રોકાણ માટે ડોમની વ્યવસ્થા કરવામાં આવી છે.



કોવિડ મહામારી ચેપી હોવાથી દર્દીના સગાનું દર્દી પાસે રહેવું હિતાવહ નથી. તેથી દર્દીના સગાઓ- દર્દીના સ્વજનો વોર્ડમાં સારવાર મેળવી રહેલા દર્દી સાથે વાતચીત કરી શકે તે માટે વીડિયો કોલિંગની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. સારવાર મેળવી રહેલા દર્દીઓની સ્વાસ્થ્ય સ્થિતિ જાણી શકાય તે માટે કંટ્રોલ નંબર કાર્યરત કરાવવામાં આવ્યા છે.

ગુજરાત સરકારની ત્વરિત કામગીરીના કારણે અત્યારે અમદાવાદમાં કોવિડની સારવાર માટે પર્યાપ્ત સંખ્યામાં બૅડ સંખ્યા ઉપલબ્ધ છે. એટલું જ નહીં, આવનારી પરિસ્થિતિને પહોંચી વળવા માટે મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ જિલ્લા સ્તરના તમામ ખાનગી નર્સિંગ હોમને પણ કોવિડ દર્દીઓ માટે બૅડ અનામત રાખવા હાકલ કરી છે, જેથી શક્ય તેટલા વધુ લોકોને ઘરની નજીક જ સારવાર મળી શકે. નાયબ મુખ્યમંત્રી શ્રી નિતિનભાઈ પટેલે તબીબો ટેક્નોલોજીના માધ્યમથી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે દર્દીઓને સારવાર-સલાહ આપે તેવો અનુરોધ કર્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, એપ્રિલના ૧૭ દિવસમાં ૧૬૭૦ જેટલા દર્દીને ડિસ્ચાર્જ મળ્યું છે

સિવિલ હોસ્પિટમાંથી સારવાર મેળવી સ્વસ્થ થયેલા દર્દીઓની સંખ્યામાં પણ વૃદ્ધિ થઈ રહી છે, તેથી કોરોનાગ્રસ્ત દર્દીઓની સારવાર માટે વધુ બેડ ઉપ્લબ્ધ થઈ રહ્યા છે. ૧ થી ૧૭ એપ્રિલ સુધીમાં ૧૬૭૦ દર્દીને ડિસ્ચાર્જ અપાયું છે.

અમદાવાદ સિવિલ મેડિસિટી સ્થિત વિવિધ કોવિડ ડેઝિગ્નેટેડ હોસ્પિટલમાં મોટી સંખ્યામાં બેડ કોરોનાગ્રસ્ત દર્દીઓની સારવાર માટે કાર્યરત છે. સિવિલ વહીવટીતંત્રએ પરિસ્થિતિને અનુરુપ ઓક્સિજન સાથેના દર્દીની સ્થિતિ સ્થિર જણાય તો સમરસ હોસ્ટેલમાં ટ્રાન્સફર કરવાનો નિર્ણય કરી જરૂરિયાતમંદોને સત્વરે સારવાર મળે તે પ્રકારે આયોજન હાથ ધર્યું છે.

અમિતસિંહ ચૌહાણ



*Commendable Gesture:*

**Sri Harmander Sahib, Golden Temple** Amritsar offered to bear **full cost of Ventilators and PPE requirement of entire Punjab state.** Finally money donated by public will be utilised for public welfare purposes. Taking this kind of lead by Sikhism is lesson to other religious temples and Institutions of the country.

***Heartiest Congratulations To All On Guru Teg Bahadur Ji***

સુવર્ણ મંદિર સત્તાધીશો એ જે શરૂવાત આ કોરોના કાળ માં કરી છે તે દેશ અને દુનિયામાં.પથરાયેલ દરેક ધર્મ સંસ્થાન.વિશાળ મંદિરો એ કરવી જોઈએ...કેમકે ધર્મ.પ્રેમી જનતા ના દાન માથી આ સંસ્થાનો ટકી રહ્યા છે..અને માણસ ના જીવ થીં કાઈ રૂપિયાનું મૂલ્ય વધુ નથી...કોઈપણ ધર્મ ના.દેવી દેવતા,ગુરુ આશીર્વાદ રૂપી આસ્થા થી માણસ દાન કરી પોતાની સાંસારિક,આર્થિક સફર કરતો હોય છે..

એજ રીતે રાજકીય.પક્ષો પણ જુદા જુદા સમાજ આધારિત વોટબેંકની ઉપર ચાલતા હોય છે..અલગ અલગ પક્ષ ની હાર જીત ની હરીફાઈ માં.સત્તાઓ વહેચાતી આવી છે.માણસ માણસ વચ્ચે ની હરીફાઈ નો અંત લાવવા કદાચ આ કોરોના રૂપી યમરાજ ઈશ્વરે મોકલ્યો હશે..

હાલમાં તબક્કે તમામ રાજકીય હરીફાઈઓ નેવે મૂકી માનવતા ખાતર શાશક સત્તાધીશો અને અન્ય પક્ષ ના.લોકો તેમજ ધર્મ સંસ્થાનો એક બની ને સંયુક્ત માનવ સેના નું ગઠન કરી કોરોના નો.સામનો કરે તો ઈશ્વર રાજી રહે અને કોરોના મુક્ત જનતા બને...બાકી કમળ,પંજો,હાથી,ઝાડુ ની.આંતરિક હુસાતુંશી માં.માનવી.ભુલાઈ રહ્યો છે...પીસાઈ રહ્યો છે...પછી બહુ તાણે તૂટે......

સાન માં જમજી જાય તો સારું નહીતો તેમના જ ખેસ થી જનતા તેમને જ ફાંસી આપશે તો નવાઈ નહી......

એક હિ આગ....જન ફરિયાદ.. ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક.

### ૧૩ કિમી ડામર રોડ અને રાજપીપળામાં ૩ કી.મી આર.સી.સી.રોડ ૨૪ મહિનામાં પૂર્ણ થશે

# રાજપીપળા ખાતે ૭૧ રૂ. કરોડના ખર્ચે રાજપીપળા માં પોઇચા ફોરલેન રસ્તાનું ખાતમુહૂર્ત કરાયું



રાજપીપલા,તા.૧૭

૭૧ રૂ. કરોડના ખર્ચે રાજપીપળા પોઇચા ફોરલેન રસ્તા નું ખાતમહુરત સાંસદ મનસુખ વસાવા, સંસદ ગીતાબેન રાઠવાની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું.જેમાં હાલ પોઇચા થી રાજપીપળાનો ૧૬ કિમીનો રોડ બની રહ્યો છે.જેનું મહાવિદ્યાલય રોડ રાજપીપળા ખાતે સાંસદ મનસુખ વસાવા, સંસદ ગીતાબેનરાઠવા, ભાજપ પ્રમુખ ઘનશ્યામભાઈ પટેલ,પાલિકા પ્રમુખ કુલદીપસિંહ ગોહિલ,શહેર પ્રમુખ રમણસિંહ રાઠોડ,શહેર મંત્રી રાજેશભાઈ પટેલ, કમલેશ પટેલ એપીએમસી ચેરમેન દિનેશભાઈ પટેલ સહિત આગેવાનો માર્ગ અને મકાન વિભાગના ઈજનેર આઇ.વી. પટેલ, બી.અ.પાડવી સહિત શિવાલય ઈફોપ્રોજેક્ટસ પર લી ના કર્મચારીઓની ઉપસ્થિતિમાં ખાતમુહૂર્ત કરાયું હતું.હાજર બ્રાહ્મણો દ્વારા પૂજન કરી વિધિવત આ મુખ્ય રોડનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.


આ પ્રસંગે સાંસદ મનસુખ વસાવાએ જણાવ્યું હતું કે રાજપીપળા વડોદરા, કેવડીયા ને જોડતો આવ મુખ્ય રસ્તો છે.જે મજબૂત ટકાઉ બનાવવાનો છે.જેમાં કોઈપણ ગોલમાલ નહીં ચાલે અમારા આગેવાનોની સતત રહેશે.કોઈ ભ્રષ્ટાચાર નહી થાય તેમ જણાવ્યું હતું.જ્યારે સાંસદ ગીતાબેન રાઠવાએ જણાવ્યું હતું કે સ્ટેચ્યુ ઓફ યુનિટી સાથે વિશ્વના માર્ગો જોડાયા છે અને હજુ બાકીના જોડાશે નર્મદા જિલ્લો ખરેખર નસીબદાર છે

અત્રે ઉલ્લેખનીય છે કે બંને સાંસદોની ટકોર વચ્ચે હવે કોન્ટ્રાક્ટર કંપનીએ જુઓ ગુણવત્તા વિહીન કામ કર્યું તો તેની ખેર નથી ૩૦ નવેમ્બર ૨૦૨૨ સુધીમાં પૂર્ણ કરાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે આ ૧૬ કિ.મીના રોડમાં રાજપીપળા શહેરમાં ૩ કિમી રસ્તો જે આરસીસી બનવાનો છે.તેમાં રોડની આજુબાજુ આવેલા પાછળ તો રોટલા ગેરકાયદે દબાણો કરી દેવાયા છે.જે તોડવા પડશે જ્યારે ડીમોલેશન થશે ત્યારે જેમાં ઘર્ષણ થવાની પણ શક્યતાઓ છે. કેમકે ઘણા દબાણો તૂટે રસ્તો રાજપીપળાની મધ્યમાં થઈને જતો હોય જાહેર દુકાનો ઘર,ઓટલા, માંડવા, ચણતરો તૂટવાની શક્યતા છે.અગાઉ પણ કલેક્ટરે પ્લાન કરી દબાણવાળા લાલ નિશાના કરેલા પણ આજદિન દબાણો હટાવાયા નથી પણ ઊલટાના ક્રમશઃ વધી ગયા છે ત્યારે કોઇની પણ સહેજ શરમ રાખ્યા વગર રસ્તાને નડતા દબાણ વિના સંકોચે કે કોઈ પણ રાજકીય દબાણમાં આધ્યા વગર દબાણો દૂર કરવાની પણ માંગ ઉઠી હતી. જોકે રોડને નડતરરૂપ દબાણો માં જાહેર દુકાનો,ઘર, ઓટલા,માંડવા, ચણતરો તૂટવાની શક્યતા થી દબાણકારોમાં ફફડાટની ફેલાયો છે.

રિપોર્ટ :જ્યોતિ જગતાપ, રાજપીપળા

# પદ્મ શ્રી જ્યોતિ ભટ્ટને આંતર રાષ્ટ્રીય કક્ષાનો એશિયા આર્ટ ગેઇમ ચેંજર ૨૦૨૧ નો એવોર્ડ એનાયત થયો



રાષ્ટ્રના આંતરરાષ્ટ્રીય તસવીરકાર-ચિત્રકાર અને અધ્યાપક પદ્મશ્રીથી સન્માનિત જ્યોતિ ભટ્ટનું 'એશિયા આર્ટ ગેઈમ ચેઈન્જર' તરીકે બહુમાન થયું છે. સમગ્ર કલાજગતનો આવરીને અપાતા ૨૦૨૧નાં એવોર્ડ થકી પ્રૉ. ડૉ. જ્યોતિ ભટ્ટનાં કલાજગત પ્રત્યેનાં દષ્ટિકોણનું અભિવાદન ગુજરાત માટે ગૌરવવંત ઘટના બને છે. વિશ્વના કલાજગતમાં અપ્રતિમ પ્રદાન કરી કલાજગતને નવી દિશા આપવા માટે અપાતા આ એવોર્ડ દ્વારા શ્રી જ્યોતિ ભટ્ટના આધુનિક અને પારંપારિક કલાદષ્ટિની સરાહના નોંધનીય બને છે. આંતરરાષ્ટ્રીય સ્તરે અપાતા આ એવોર્ડ હાલ વર્ચ્યુઅલ રહેનાર છે અને ૨૦ મે, ૨૦૨૧ એ COL24182 www.asiasociety.rog/india/events/2021-asia-arts-gamechanger-awardsindia ઉપર જોડાવાથી કાર્યક્રમમાં સહભાગી બની શકાશે. કલાપ્રતિષ્ઠાનના અધ્યક્ષ શ્રી રમણીક ઝાપડિયાએ સમગ્ર ગુજરાતના કલાજગત વતી ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા છે.

# સુરતમાં નમો ઓક્સિજન સેવા સેન્ટર ની શરૂઆત



શ્રી રંગીલા શ્યામ સેવા સમિતી અને ગૌ પુત્ર મિત્ર મંડળ દ્વારા સંચાલિત નમો ઓક્સિજન સેવા સેન્ટરની ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ અધ્યક્ષ શ્રી સી આર પાટીલ જી એ મુલાકાત લીધી. આ સેન્ટર દ્વારા ઘરે આઇસોલેટ થયેલા દર્દીઓને વિના મૂલ્યે ઓક્સિજન સેવા પૂરી પાડવામાં આવે છે. કોરોનાની આ મહામારી દરમિયાન સેવાનાં આવા ઉમદા કાર્ય બદલ સર્વને અભિનંદન સહ આભાર માન્યો હતો.

સુરત શહેરમાં પણ ઘરે ઓક્સિજનની જરૂરિયાત હોય એમણે ૯૩૧૩૯-૯૫૯૭૧, ૯૮૨૫૧-૪૦૦૨૯, ૯૩૨૭૭-૫૫૪૬૩ પર સંપર્ક કરવો.

# ગુજરાત પ્રદેશ ભાજપા અધ્યક્ષશ્રી સી.આર. પાટીલ સાહેબના માર્ગદર્શન હેઠળ જસદણ ખાતે કોવિડ કેર સેન્ટરનો શુભારંભ






ભારતીય જનતા પાર્ટી પ્રદેશ મીડિયા વિભાગ અખબારી યાદીમાં જણાવે છે કે, આજરોજ તા. ૧૭.૦૪.૨૦૨૧, શનિવારના સમય:- ૧૦:૦૦ કલાકે, સ્થળ:- જયતાબાપુની જગ્યાની બાજુમાં, દેવશીભાઈ છાયાણીના હીરના કારખાના, જસદણ ખાતે. ગુજરાત પ્રદેશ ભાજપા અધ્યક્ષશ્રી સી.આર. પાટીલ સાહેબના માર્ગદર્શન હેઠળ તેમજ તેમની પ્રેરક ઉપસ્થિતિમાં ભાજપા પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી ડૉ. ભરત બોઘરા તેમજ ગુજરાત સરકાર અને જસદણ ડૉ.એસોસિએશનના સમ્પૂર્ણ સહયોગથી ૧૦૦ બેડની કોવિડ કેર સેન્ટરનો શુભારંભ શ્રી સી.આર. પાટીલના વરદ હસ્તે કરવામાં આવ્યો.

કોરોના મહામારી ને કારણે આ કાર્યક્રમમાં કાર્યકર્તાઓ હાજરી ન આપીને સંક્રમણ ને અટકાવવા તથા આ કપરી સ્થિતિમાં વધુને વધુ લોકોની સેવા કરી લોકોને મદદ થવા ડૉ. ભરત બોઘરાએ અપીલ કરી હતી.

આ કાર્યક્રમમાં પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ, પ્રદેશ ઉપાધ્યક્ષ ડૉ.ભરત બોઘરા, મંત્રી કુંવરજી બાવળિયા, સાંસદ મોહનભાઈ કુંડારિયા, રાજકોટ જીલ્લા ભાજપ પ્રમુખ મનસુખ ખાંચરિયા, જીલ્લા પંચાયત પ્રમુખ ભૂપત ભાઈ બોદર, જીલ્લા ભાજપ મહામંત્રી મનસુખ રામાણી વિશેષ ઉપસ્થિત રહ્યાં હતાં.

# ગાંધીનગરના યુવાનો દ્વારા ચલાવવામાં આવતી ગૂંજ ફાઉન્ડેશન સંસ્થાને આજે ૫ વર્ષ પૂર્ણ થયા

ગાંધીનગર ખાતે બ્લડની જરૂરિયાતને પહોંચી વળવા માટેના એક ઉમદા હેતુ સાથે તાઃ-૧૮/૦૪/૨૦૧૬થી શરૂ કરવામાં આવેલી ગૂંજ ફાઉન્ડેશન નામની સંસ્થા છેલ્લા ૫ વર્ષથી અનેક સામાજિક કાર્યો સાથે જોડાયેલ છે. ઉલ્લેખનીય છે કે ફક્ત ૭ વ્યક્તિથી શરૂ કરવામાં આવેલી સંસ્થા સાથે આજે ૯૦૦ થી વધુ લોકો જોડાયેલા છે.

ગૂંજ ફાઉન્ડેશન દ્વારા અત્યાર સુધી ૪થી વધુ બ્લડ ડોનેશન કેમ્પ યોજીને એકત્રિત થયેલ લોહી સિવીલ હોસ્પિટલ દ્વારા જરૂરિયાતમંદ વ્યક્તિઓ સુધી મફતમાં પહોંચાડવામાં આવેલ છે.

સોશિયલ મીડિયાના સદ્દુપયોગ દ્વારા સંસ્થા દ્વારા વોટ્સએપ પર રક્તદાતાઓનું ગ્રુપ બનાવેલ છે.જે જરૂરિયાતના સમયે રક્તદાનના કાર્યમાં પોતાનું યોગદાન આપે છે.

સંસ્થા દ્વારા સેનેટરી પેડનું વિતરણ તથા હોળી,દિવાળી,ઉત્તારાયણ જેવા તહેવારો ગરીબ બાળકો સાથે ઉજવવા તથા સમયાંતરે રક્તદાન કેમ્પ યોજવા જેવા અન્ય સામાજિક કર્યો કરવામાં આવે છે.

હાલની પ્રવર્તમાન પરિસ્થિતિમાં રક્ત તથા પ્લાઝમાની જરૂરિયાતને પહોંચી વળવા માટે સંસ્થા દ્વારા ૭૦૪૧૭ ૩૦૫૦૩ નંબર પર નામ નામ નોંધાવવા માટે અનુરોધ કરવામાં આવ્યો છે.

# વેક્સીનની અછત નથી, ગુજરાત સહિતના રાજ્યોને બીજા વેન્ટિલેટર પૂરા પડાશે: ડો.હર્ષવર્ધન



ન્યુ દિલ્હી,તા.૧૭

કેન્દ્ર સરકારના સ્વાસ્થ્ય મંત્રી ડો.હર્ષવર્ધને દાવો કર્યો છે કે, દેશમાં કોરોના વેક્સીનની કોઈ અછત નથી.

તેમણે તમામ રાજ્યો સાથે એક બેઠક યોજી હતી અને તેમાં કહ્યુ હતુ કે, મોટા રાજ્યોને દર ચાર દિવસે અને નાના રાજ્યોને સાત દિવસે વેક્સીન ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. આવી સ્થિતિમાં જો કોઈ રાજ્યને વધારાની વેક્સીનની જરુરિયાત ઉભી થાય તો તે કેન્દ્ર સરકાર સાથે આ મુદ્દે ચર્ચા કરી શકે છે.

ડો.હર્ષવર્ધને રાજ્યોને કહ્યુ હતુ કે, કોરોના માટે કેન્દ્ર સરકાર દ્વારા તમામ રાજ્યોને સારુ એવુ ફંડ આપવામાં આવ્યુ છે. રાજ્યોએ તે ફંડનો સદુપયોગ કરવો જોઈએ. ઓક્સિજનના સપ્લાય માટે કેન્દ્ર દ્વારા ૩૦ એપ્રિલ સુધીનુ શિડ્યુલ તૈયાર કરાયુ છે અને ઓક્સિજનની ઉપલબ્ધતા અંગે સ્પષ્ટ પણે જાણકારી આપવામાં આવી છે.

તેમણે કહ્યુ હતુ કે, રાજ્યોને ગયા વર્ષે પણ કોરોનાના દર્દીઓ માટે વેન્ટિલેટર આપવામાં આવ્યા હતા. હાલમાં પણ મહારાષ્ટ્ર, યુપી, ગુજરાત, છત્તીસગઢ અને મધ્ય પ્રદેશ સહિતના રાજ્યો દ્વારા વેન્ટિલેટર માંગવામાં આવ્યા છે. જે જલ્દી પૂરા પાડવામાં આવશે.

તેમણે કહ્યુ હતુ કે, લોકોએ કોરોના પ્રત્યે દાખવેલી બેદરકારી ભારે પડી રહી છે. સંક્રમણની ચેન તોડવા માટે કોરોનાના નિયમોનુ પાલન કરવુ બહુ જ જરુરી છે. ભારતના ૫૨ જિલ્લા એવા છે જ્યાં સાત દિવસથી કોઈ નવો કેસ આવ્યો નથી. ચાર જિલ્લા એવા છે જ્યાં ૨૧ દિવસથી કોઈ નવો મામલો સામે નથી આવ્યો છે. ૪૪ જિલ્લામાં તો ૨૮ દિવસથી કોઈ નવો દર્દી નોંધાયો નથી.

### ખુદ જેલ અધિક્ષક પણ પોઝિટિવ આવતા હોમ કોરોન્ટાઈન થયા

# રાજપીપળાની મુખ્ય જિલ્લા જેલનો સ્ટાફ કોરોનાના સકંજામાં

રાજપીપલા તા ૧૭

નર્મદા માં કોરોનાના કેશો વધી રહ્યા છે ત્યારે રાજપીપળા ખાતે મુખ્ય જેલના કર્મચારીઓકેદીઓ સહીત ખુદ જેલર પણ કોરોના સંક્રમિત થતાજેલમાં કર્મશ :કૂલ ૨૯જણા કોરોનામા સપડાતા જેલ સત્તાવાળોમા ફફડાટ ફેલાયો હતો.

જીતનગર ખાતે આવેલી રાજપીપળા જિલ્લા જેલમાસૌથી પહેલા ૬થી ૭જેટલા કેદીઓએ તાવની ફરિયાદ કર્યા ડોક્ટરને જાણ કરતા ટેસ્ટ કરાવતા તમામ નો રિપોર્ટ પોઝીટીવ આવ્યા હતા. તેમને ત્યાં જેલમાં રાખવા યોગ્ય ન જણાતા આખરે આ તમામને રાજપીપળા કોવિડ કેર સેન્ટરમાં દાખલ કરવામાં આવ્યાહતા. ત્યારબાદ જેલ અધિક્ષક એલ એમ બારમેડા તથા કોન્સ્ટેબલ ને પણ તાવ આવતા તેમનો પણ ટેસ્ટ કરાવતા તેમનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો હતો. તમામ ને રાજપીપલા કોવિદ મા સારવાર માટે દાખલ કરાયા હતા. ત્યાર બાદ જેલ અધિક્ષક ૭દિવસ કોવિદ મા સારવાર લીધા બાદ હાલ હોમ કોરન્ટાઇન થયા હોવાનું જેલ અધિક્ષક બારમેડાએ જણાવ્યું હતું. ત્યારબાદ બીજા કર્મચારીઓની પણતાવ ની ફરિયાદ આવતા તેમના પણ ટેસ્ટ કરાવતા રિપોર્ટ પોઝીટીવ આવતા જેલ ના કૂલ ૨૯જણા કોરોના સંક્રમિત થયા હતા જોકે તમામને સારવાર અપાયાં પછી ઘણી સારી રિકવરી જણાઈ છે.

જેલમાં સૅનેટાઈડ નિયમિત કરવામાં આવે છે તેમજ આર્સેનિક ની ગોળીઓ લીબુ શરબત નિયમિત અપાય છે. મુલાકાતીઓને પણ રેપિડ ટેસ્ટ કરાવ્યા સિવાય મુલાકત આપતા ન હોવાનું જેલ અધિક્ષકે જણાવ્યું હતું. જોકે પહેલી વાર જેલમાં આટલી મોટી સંખ્યામા કર્મચારીઓ કેદીઓ કોરોના સંક્રમિત થયાહતા.

તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા






### જિલ્લામા આજ દિન સુધી પોઝિટિવ દરદીઓની કુલ સંખ્યા ૨૫૮૯ થઈ

# આજે નર્મદામાં વધુ કોરોના વિસ્ફોટ, આજે કુલ-૨૩ પોઝિટિવ કેસ નોંધાયા

રાજપીપલાતા ૧૬

નર્મદામા જિલ્લામાંકોરોના ના કેસો ઘટવાનું નામ નથી લેતા. જિલ્લા મા લોકડાઉન અને રસીકરણ વેગ મા હોવા છતાંપણ કોરોના વિસ્ફોટ ઓછો થતો નથી. જે ચિંતાનો વિષય બન્યો છે.

આજે નર્મદામાં વધુ કોરોના વિસ્ફોટ આજે કુલ-૨૩ પોઝિટિવ કેસ નોંધાયા હતા. જેમાં એક માત્ર લોકડાઉંનને લીધેરાજપીપલા મા કેસો ઘટ્યા હતા. આજે માત્ર ૦૩કેસ નોંધાયા હતા. નાંદોદ તાલુકામાં ૦૮,ગરુક્ષેશ્વર તાલુકામાં ૦૪,ડેડીયાપાડા તાલુકામાં ૦૪.અને સાગબારા તાલુકામાં માત્ર પાટ ગામે ૦૪કેસ અને રાજપીપલા મા ૦૪કેસ નોંધાયા છે.જોકે ગઈ કાલે ૯૪૪ના ટેસ્ટ કરાયા હતા જે તમામ ના રિઝલ્ટ હજી આવ્યા નથી જે પેન્ડિંગ છે. જિલ્લામા આજદિન સુધી પોઝિટિવ દરદીઓની કુલ સંખ્યા ૨૫૮૯ થઈહતી

ૐફૈંડ્ઢ-૧૯ મહામારીને અનુલક્ષીને નર્મદા જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગના એપીડેમીક મેડિકલ ઓફિસર ડૉ. આર.એસ.કશ્યપ તરફથી પ્રાપ્ત થયેલી જાણકારી મુજબ કોરોના વાયરસના જિલ્લામાં આજે RTPCR ટેસ્ટમાં વધુ ૧૬ અને એન્ટીજન (રેપિડ) ટેસ્ટમાં ૦૭ સહિત કુલ-૨૩ પોઝિટિવ કેસ નોંધાયા છે. આમ, જિલ્લામાં આજદિન સુધી RTPCR ટેસ્ટમાં ૧૩૩૦,એન્ટીજન (રેપિડ) ટેસ્ટમાં ૧૧૯૨ અને ટ્રૂ નેટ (True nat) ટેસ્ટમાં ૬૭ દરદીઓ સહિત જિલ્લામા પોઝિટિવ દરદીઓની કુલ સંખ્યા ૨૫૮૯ નોંધાવા પામી છે.

રાજપીપલાની કોવિડ હોસ્પિટલમાંથી સાજા થયેલા ૧૮ દરદીઓને આજે રજા અપાતા, જિલ્લામાં આજદિન સુધી કોવીડ હોસ્પિટલમાંથી સાજા થયેલા ૧૫૧૨દરદીઓ, કોવીડ કેર સેન્ટરમાંથી સાજા થયેલા ૯૧૬ દરદીઓ સહિત કુલ-૨૪૨૮ દરદીઓને રજા આપવામાં આવી છે. આમ, હોમ આઈસોલેશનમા ૪૨ દરદીઓ ઉપરાંત રાજપીપલાની કોવિડ હોસ્પિટલ ખાતે આજની સ્થિતિએ હવે ૬૦ દરદીઓ, રાજપીપલાની કોવિડ કેર સેન્ટર ખાતે ૪૧ અને વડોદરા ખાતે ૧૫ દરદીઓ સહિત કુલ-૧૫૮ દરદીઓ સારવાર હેઠળ છે.

આજે RTPCR ટેસ્ટમાં ૭૦૧ અને એન્ટીજન (રેપિડ) ટેસ્ટમાં ૮૨૯ સહિત કુલ-૧૫૩૦ ટેસ્ટ સેમ્પલ ચકાસણી માટે એકત્ર કરાયેલ છે.




પ્રાપ્ત થયેલ અહેવાલ મુજબ નર્મદા જિલ્લામાં આજે આરોગ્ય ટૂકડીઓ દ્વારા કુલ-૪૬૮૮૪ વ્યક્તિઓનું ડોર-ટુ-ડોર સર્વે કરવામાં આવ્યું છે, જેમાં શરદી-ખાંસીના ૨૯ દરદીઓ, તાવના ૨૭ દરદીઓ, ઝાડાના ૨૬ દરદીઓ સહિત કુલ-૮૩ જેટલા દરદીઓ ઉક્ત ચકાસણી દરમિયાન મળી આવતાં આ દરદીઓને જરૂરી સારવાર પુરી પાડવામાં આવી છે. તેની સાથોસાથ આયુર્વેદિક ઉકાળાનો આજદિન સુધી ૧૦૦૧૭૩૮ લોકોએ લાભ લીધો હતો અને હોમિયોપેથી રક્ષણાત્મક ઉપાય તરીકે આર્સેનિક આલ્બમ-૩૦ પોટેન્સી ગોળી ૯૦૪૬૩૫૬ લોકોને વિતરણ કરાઇ છે.

તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા

# સાંસદ મનસુખ વસાવા અને છોટાઉદેપુર સાંસદ ગીતાબેન રાઠવાએ રાજપીપલા કોવિડ હોસ્પિટલની મુલાકાત લીધી

રાજપીપલા, તા ૧૭

ભરૂચ સાંસદ મનસુખ વસાવા અને છોટાઉદેપુર સાંસદ ગીતાબેન રાઠવાએ રાજપીપલા કોવિડ હોસ્પિટલ ની મુલાકાત લીધી હતી. જેમાં કોવિડ હોસ્પિટલ માંથી ઉઠતી બુમોના પગલે કોવિડ ના મુખ્ય અધિકારીઓ સાથેમળીને કોવિદ હોસ્પિટલ ની સુવીધા બાબતે વિગતે ચર્ચા કરીહતી.



અને બન્ને સાંસદોએ જણાવ્યું હતું કે જે સ્ટાફ અને વેન્ટિલેટર બીજા જિલ્લામાં આપ્યા છે તે પાછા મંગાવો. કોવિડ ના અધિકારી ને સરકાર માં રજુઆત કરવા પણ જણાવ્યું હતું. એ ઉપરાંત નર્મદા જિલ્લાનો જે સ્ટાફ બહાર મોકલો છેએ જો એ પાછો નહિ આવે તો મનસુખ વસાવા એ આવેદનપત્ર આપવાની અને ધારણા કરવાની ચીમકી પણ આપતા તંત્ર હરકત મા આવી ગયું હતું. ત્રે ઉલ્લેખનીય છે કે નર્મદા જિલ્લામાં કોવિડ માં સ્ટાફ ની અછત છે તે બહાર આવ્યું છે. નર્મદા જિલ્લાનો સ્ટાફ પરત નથી કર્યો છે પણ નવો સ્ટાફ માંગી રહ્યા છે જિલ્લામાં પૂરતો સ્ટાફ નથી અને ક્વોલિફાયડ ડોકટર નથી જેથી અહી મરણ નો અંક પણ વધતો જાય છે. કોવિડ માં તાત્કાલિક ક્વોલિફાયડ ડોકટર મુકાવા જોઈએ અને સ્ટાફ પણ મુકાવો જોઈએ. જે પણ અધિકારી હોઈ એને અમારો નર્મદા જિલ્લા નો સ્ટાફ પરત મોકલવો જોઈએ બાકી અમારે આંદોલન કરવાની ફરજ પડશેએવી ચીમકી આપતા આજે તંત્ર દોડતું થઈ જવા પામ્યું હતું.

રિપોર્ટ :જ્યોતિ જગતાપ, રાજપીપલા

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.